Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णामनुकम्पया वारयेयुः ।

पुस्तक २० ] वीर संवत् २४४८ श्रावण. आत्म. संवत् २७. [ अंक १ लो.

## नूतन् वर्ष प्रारंभ.

હરિગીત.

**मांगलिक चतुष्क—** (१)

વંદન કરૂં ત્રિવિધે પ્રભુ માંગલ્યકારક **વીરને,**
સાથે નમું ગુરૂ **ગૌતમ સ્થુલિભદ્ર** આદિ મુનિંદ્રને;
તપ દાન શિયલને ભાવ સંયુત **જૈનધર્મ** શિરોમણી,
ઘટ ઘટ વિષે વ્યાપક થવા બળ અર્પજો ત્રિભુવન ધણી,

**सद्गुरु वंदन—** (२)

વળી નવિન વર્ષારંભમાં ગુરૂરાયને વંદન કરૂં,
**આનંદવિજય** સૂરિશની પ્રતિમા હૃદય પટ્ટપર ધરૂં,
ભવિજન કુમુદ વિકસાવવા **શશિ** જૈન વ્યોમ વિષે હતા,
વરસાવતા સદ્બોધ અમૃત આત્મ શીતલ કર હતા.

**आशिर्वचन—** (३)

ઉત્કર્ષ જૈન સમાજનો કરવા પ્રતિ દિન કર્મથી,
મિથ્યાત્વ ભાવ નિવારવા સ્યાદ્વાદ ચર્ચિશ મર્મથી;
ત્યાં પ્રથમ વિશિ પ્રવેશતા માંગલ્ય માલા **અર્પતી,**
આશિરૂ **आत्मानंदनी** સફલી હજો ગ્રાહક પ્રતિ.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ नूतन वर्षारंभना उद्गारो ॥

જે સમયે ભારત વર્ષની જનતાનું જીવન સ્વરાજ્યની ભાવનામાં ઓતપ્રોત થઈ ગયેલું છે, મહાત્મા ગાંધીજી જેવા કર્મ વીરો **अहिंसा परमो धर्मः** એ જૈન સિદ્ધાંતના ત્રિકાલબાધિત સૂત્રનું અવલંબન લઈ જેલને મહેલ માની નીડરપણે અનેક યાતનાઓ સહી રહ્યાં છે, પાશ્ચાત્ય જગત્ જે જડવાદને પ્રધાન માની આત્માની જેવી વસ્તુની હયાતી માનવામાં ઇનકાર કરતું હતું તે ‘ અનંત શક્તિમાન આત્મા છે ’ તેવું સમજવા લાગ્યું છે, પ્રાચીન આર્યોના આત્માના દિવ્ય સંદિરનો ઘંટનાદ રેવ૦ હોમ્સ જેવા ધર્માચાર્ય પોતાના અમેરિકાના દેવલમાં પ્રતિઘોષ કરી રહ્યા છે, જૈન જગત્‌માં પ્રાચીન આચાર્યોએ વારસામાં આપેલી અમૂલ્ય ગ્રંથ સમૃદ્ધિ પ્રકાશિત થતાં વિશ્વ ચક્તિ થઈ રહ્યું છે, અને સામાન્ય રીતે તે મનુષ્યો વિચાર અને સમજણની ભૂમિકાથી આગળ વધી પોતાનું જીવન કર્તવ્યમાં મૂકવા ઉત્સાહિત થઈ રહ્યાં છે તે મંગલ સમયે શ્રીમાન્ પૂજ્યપાદ વિજયાનંદ સૂરિજીના સૂક્ષ્મ દેહની શીતળ છાંયા નીચે વૃદ્ધિ પામતું અને આધ્યાત્મિક પ્રકાશના કિરણો ફેલાવતું “ આ આત્માનંદ પ્રકાશ ” આજે વીશમા વર્ષમાં પ્રવેશ કરે છે.

પ્રસ્તુત માસિકનું વીશમું વર્ષ વીશ સ્થાનકના અંતિમ ‘ તીર્થ પદની સંજ્ઞાને સૂચવતું હોવાથી એવી ભાવના ધારણ કરે છે કે જેમ સ્થાવર અને જંગમ તીર્થોને મન વચન અને કાયાથી સેવન કરનારા મનુષ્યો ભવસમુદ્રનો પાર જલ્દી પામે છે તેમ વર્તમાન વર્ષમાં વાચક વર્ગને એવી બોધદાયક સામગ્રી રજુ કરવી, કે જેથી તે પોતાના જીવન સંગ્રામના કલેશો ભુલી જઈ મોહાંધકાર દૂર કરી જ્ઞાન, દર્શન, ચારિત્રનું યથાર્થ પાલન કરી ભવસમુદ્રને તરવાની ચાવી પ્રાપ્ત કરે.

અત્યાર સુધી આ માસિક બાલ્ય વયને ઉચિત ચેષ્ટા ધારણ કરતું હતું. હવે તેથી આગળ વધી જ્ઞાનાનંદ રૂપ મસ્તીના–યુવાનીના–વિવિધ મનોરથો ઉત્પન્ન કરવાની ઉચિત વયમાં આવી પહોંચ્યું છે. જેથી જે જે સુવિચારો જનતા સમક્ષ આજ દીન પર્યંત મૂકેલા હતા, તે હવે સમયને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરી વધારે ઉચ્ચ કોટિમાં આગળ વધવા પ્રેરવાની ઇચ્છા ધરાવે છે અને તે કેટલે અંશે સફળ થયું છે તેની પરીક્ષા સુજ્ઞ વાંચકો પાસે સૂક્ષ્મ બુદ્ધિવડે તપાસ કરાવવા અભિલાષા ધરાવે છે.

પ્રસ્તુત માસિકને પુષ્ટ કરનાર મુનિવરો અને સાક્ષરોના લેખો એ વાસ્તવિક રીતે પૂર્વાચાર્ય પ્રણીત મહાનદીઓનાં નિઝરણાં છે. એ ઝરણોમાંથી સહૃદય મનુષ્યો પોત પોતાના ક્ષયોપશમ દ્વારા પોતાની જડતા દૂર કરી શકે છે તેમજ મૃત્યુને જીતવા સુધીની નીડરતા, આત્મ સ્વાતંત્ર્ય અને ઉત્કટ ભાવનાઓ પ્રકટાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે, બ્રહ્મચર્ય દ્વારા પોતાના તેજની રક્ષા કરી શકે છે, ક્રોધાદિ અંતરંગ શત્રુઓને ઓળખી તેથી દૂર રહેવા પ્રયત્ન કરે છે, પાપથી ડરે છે, અને મૈત્રી આદિ ભાવનાઓમાં આગળ વધી વૈરાગ્ય વાસિત થઈ આત્મજ્ઞાન ઉપર નિર્ભર બને છે. જેથી હવે પછી તે તે સહાય અર્પનાર વ્યક્તિઓને તેમજ જૈન સમાજના નૂતન યુવક સાક્ષરોને પ્રસ્તુત માસિક દ્વારા સ્વજ્ઞાનનો સદુપયોગ કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.

જેટલી જેટલી જ્ઞાનની કળાઓ છે તેટલા વિશ્વ છે–અર્થાત્ સ્થૂળ વિશ્વ તેનું તેજ રહેવા છતાં જેમ અજ્ઞાનનાં આવરણો છેદાતાં જાય છે, તેમ તેમ તે નવા પ્રાપ્ત થયેલ જ્ઞાનનાં પ્રકાશમાં વિશ્વ નવું રૂપ ધારણ કરે છે. વિશ્વ બદલાતું નથી–અને એજ હિસાબે, સર્વજ્ઞને સર્વ વ્યાપક ગણવામાં આવ્યા છે–પણ ક્ષયોપશમવાળા મનુષ્યનો આત્મા–તેનું જ્ઞાન–બદલાય છે. જેથી જેમ જેમ જ્ઞાનમાં ક્રમ વધતો જાય છે અને તે વધારે પ્રકાશિત થતું જાય છે તેમ તેમ જન્મ જરા મરણ વ્યાધિ દુઃખને વાસ્તવિક રીતે મનુષ્ય ઓળખે છે, તેનાથી નિર્ભય થતાં શીખે છે, અનેક જન્મોના સંસ્કાર એ પ્રાપ્ત કરાવી આપે છે એ ખરૂં; પરંતુ એ સંસ્કારો બીજા ઉત્તમ પ્રકારના વાંચનથી પ્રફુલ્લિત થતાં ફળરૂપતા ધારણ કરે છે.

ધર્મકાર્યમાં જીવન પસાર કરનાર વ્યક્તિઓના ભૂતકાળના સંસ્મરણો જેમ આનંદજનક હોય છે અને ભવિષ્યમાં ઉત્સાહ અને આવેગ પ્રેરી શકે છે તેમ ગતવર્ષના લેખોનું સિંહાવલોકન સંક્ષિપ્તમાં કરી જવા આ માસિક યોગ્ય ધારે છે તેમજ ભવિષ્ય કાળની કાર્યરેખા વાંચકો સમક્ષ સહૃદય લેખકોની સહાય સાથે સ્પષ્ટપણે વિવિધરંગી બનાવવા તેમજ શારીરિક માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ તરફ પ્રયાણ કરવા અધિષ્ઠાયક દેવને પ્રાર્થના કરે છે.

ગતવર્ષમાં નાના મોટા મળી ગદ્ય પદ્યાત્મક ૧૦૬ લેખો સુજ્ઞ વાંચકો સમક્ષ રજુ કરવામાં આવેલા છે જેમાં ૨૯ પદ્ય લેખો અને ૮૭ ગદ્ય લેખોનો સમાવેશ થાય છે. મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીએ ઓગણીશ લેખો લખી જૈનસમાજને અવનવી જાગૃતિ આપી છે. જેમાં સાધુ સાધ્વીઓ પ્રતિ હિતકારક શબ્દોથી કર્તવ્ય દિશા બતાવી સુંદર ભવિષ્ય ઘડવાની ભલામણ કરેલી છે; તેમજ કેળવણીનો પ્રશ્ન પણ વ્યવહારૂ રીતે યોગ્ય અને અસરકારક શબ્દોમાં પ્રતિપાદન કરેલો છે; આપણો ઉદય શી રીતે થાય ? તેમજ નિશ્ચિત લક્ષ–હિમ્મત અને ઇચ્છા શક્તિ વિગેરે તેજસ્વી લેખો દ્વારા જૈન સમાજ ઉપર નવીન પ્રકાશ પાડયો છે. શા. છોટાલાલ મગનલાલે ઐતિહાસિક દષ્ટિબિંદુથી લગભગ સાત લેખો આપી જૈન દર્શનના પ્રાચીન ઇતિહાસના સંસ્મરણો સુંદર રીતે રજુ કર્યાં છે. જેમાં ' નર નારાયણાનંદ કાવ્ય ' અને ' વસંત વિલાસ ' કાવ્યો મુખ્ય છે. એ બંધુને વર્તમાન વર્ષમાં જૈન દર્શનના ભૂતકાલીન ઇતિહાસનું વધારે સારા સ્વરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પમાં દર્શન કરાવવા વિનંતી કરીએ છીએ. શાહ વિઠ્ઠલદાસ મુળચંદના ' ઉદ્દેશની એકતા ' ' સ્વાવલંબન ' તથા ' ઉત્તમશીલ ' વિગેરે આઠ લેખોએ આ માસિકના કિંમતી પૃષ્ઠો રોકેલા છે. જે વાંચવાથી આત્માના સ્વાતંત્ર્ય વિગેરે ગુણોની ખીલવણી થાય છે. મી. મનસુખલાલ કિરતચંદ મહેતાએ રાષ્ટ્રીયશાળાના અભ્યાસ ક્રમની રૂપરેખાનો સમયાનુકૂળ લેખ લગભગ ચાર માસિકમાં પૂર્ણ કર્યો છે જે સ્વરાજ્યસ્થાપનાના વર્તમાન યુગધર્મમાં જૈન સાક્ષરોએ ઉહાપોહ કરી પાઠશાળાઓ માટે કયો ક્રમ ઘડવો જેને માટે વિચારો બહાર મુકવાની જરૂર છે.

જીવનમાં વિશુદ્ધમય વાતાવરણ, વર્તમાન જગતને કેવા મનુષ્ય જોઈએ, નિર્વિકલ્પ દશાનું સામર્થ્ય અને પરમપદના અભિલાષિની વ્યાધીરૂપે યુક્તિ એક ગદ્ય અને ત્રણ પદ્ય લેખો શાહ ફતેચંદ ઝવેરભાઈના છે. તેઓ જૈન ધર્મના અભ્યાસી હોઈ આ દિશામાં તેમણે વધારે પ્રયત્ન કરવાની જરૂર છે. અગ્યાર લેખો આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસના છે તે સઘળા અનેક દૃષ્ટિબિંદુથી લખાયેલ હોઇ સમાજ ઉપયોગી છે. તે માટે વિશેષ કાંઈ પણ લખવું તે આત્મશ્લાઘા કરવા જેવુ છે.

મનોભાવ, પાર્શ્વજીન સ્તુતિ એ બે લેખો શાહ કલ્યાણચંદ કેશવલાલના, ચેતનને, પ્રભુપ્રાર્થના, એ બે હરગોવનદાસ નાગરદાસ મહાજનીના તથા સામાયક કરવા વિષે, શ્રી મહાવીર પ્રભુનો જન્મ મહોત્સવ એ બે લેખો શા મનસુખલાલ ડાહ્યાભાઇ તથા શ્રી વીર જયંતી, એ નગીનદાસ ડાહ્યાભાઈ વૈદ્યના મળી સાત લેખો પદ્યમાં છે. શ્રી જિન સ્તુતિનો પદ્ય લેખ પારેખ પ્રભુદાસ બેચરદાસનો સંસ્કૃતમાં છે. આ બંધુ વર્તમાન સમયને જાણનારા હોઈ સમયાનુકુળ ગદ્ય લેખો પણ તેઓએ આગલા વર્ષમાં આ માસિકમાં આપ્યા હતા, તેવીજ રીતે તે દિશામાં પ્રયાસ કરવાની તેમને જરૂર છે.

સંઘવી વેલચંદ ધનજીના લગભગ સાત પદ્યાત્મક લેખો ભાવવાહી છે અને વાંચકોને રસ ઉત્પન્ન કરાવવા સાથે આધ્યાત્મિક ગૂઢ રહસ્યો સરળ બનાવનારાં છે બીજા પણ ગદ્ય પદ્યાત્મક લેખો કવિ સાંકળચંદ પીતાંબરદાસ વિગેરેના છે. જે જૂદાં જૂદાં દૃષ્ટિબિંદુઓ સમાજ સમક્ષ રજુ કરે છે. વકીલ નંદલાલ લલ્લુભાઈએ ફક્ત એકજ લેખ ' સ્વ ઓળખાણ સંબંધી વિચારણા ' નો આ વર્ષમાં આપેલ છે, જેથી આ માસિક તરફની તેમની લેખન પ્રવૃત્તિ વિસ્તારવા વિનતી કરીએ છીએ અને ગત વર્ષની લેખમાળાની સારાસારતાની ચિંતવના સજ્જન વાંચકોની નિષ્પક્ષપાત તુલનામાટે સાદર કરીએ છીએ.

સંક્ષિપ્તમાં આટલું અવલોકન કરી આ માસિકના યથાર્થ પોષણ કરનારા મહાત્માઓનો તેમજ અન્ય લેખક બંધુઓનો આભાર માનવા સાથે આ નવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષમાં સવિશેષપણે જૈન સમાજને લેખો દ્વારા નૂતન ભાવનાઓના દર્શનની આ માસિક દ્વારા અભિલાષા રાખીએ છીએ—

વિશેષ વિવેચનમાં નહિ ઉતરતાં પ્રસ્તુત માસિકના યોગક્ષેમનો રથ પરમાત્માના અધિષ્ઠાયકના હાથમાં સોંપી જ્ઞાન દર્શન ચારિત્રના અંતિમ ઉત્કર્ષરૂપ ચરમ શાસન નાયક વીર પરમાત્માને મંગલમય પ્રાર્થના દ્વારા સંબોધીએ છીએ કે:—હે વિશ્વવ્યાપી ચિદ્દ્ઘન ! સર્વ પ્રકાશોમાં ઉત્તમ આત્મિક પ્રકાશ એ જગતનું સુધા છે તે વડેજ જગત્ ખરેખરી રીતે જીવી શકે છે, અને મૃત્યુને મારીનાંખવાનો તેજ પરમ મંત્ર છે–એ પરમ મંત્રને અમારા હૃદયમાં રેડી તે પ્રકાશના કિરણોથી આ સ્થૂળ વિશ્વની ભૂમિકાને અજવાળી અનાદિ કાળથી અજ્ઞાનાંધકારમાં અટવાતાં અમોને દિવ્ય ભૂમિકાનું દર્શન–સ્પર્શન કરવા બળ આપો.

# નિઃસ્વાર્થ સેવા કોણ કરી શકે?

## નિઃસ્વાર્થ સેવાથીજ ખરો આત્મ સંતોષ થાય છે.

### સ્વાનુભવથી તેની ખાત્રી કરી લેવાની જરૂર.

૧ જ્યાંસુધી આપણે મન અને ઇન્દ્રિયોને પરવશ પડી રહી તે આપણને ગમે તેવા ઉન્માર્ગે દોરી જાય તેમ દોરાયા કરીએ અને લગભગ બધીજ પ્રવૃત્તિ કેવળ આપણા કલ્પેલા ક્ષણિક અને તુચ્છ વિષયસુખનેજ સાધવામાં કર્યા કરીએ ત્યાંસુધી નિઃસ્વાર્થ વૃત્તિ આદરવાનું બનેજ ક્યાંથી?

૨ તુચ્છ વિષય સુખને વિષ સમાન સમજીને તેમાં લાગેલી આસક્તિ–લોલુપતા તજી દઇને, ખરા પારમાર્થિક સુખની ચાહના જાગૃત થાય નહીં ત્યાંસુધી નિઃસ્વાર્થ વૃત્તિ આદરવાનું ક્યાંથી બને?

૩ વિષય તૃષ્ણા સમાન કોઇ પ્રબળ વ્યાધિ નથી અને સંતોષ વૃત્તિ સમાન કોઈ ઉત્તમ સુખ નથી, એ જ્યાંસુધી અંતરમાં ઠીક ન સમજાયું હોય ત્યાંસુધી નિઃસ્વાર્થ સેવા કરવાની ગમે એવી ઉત્તમ તકો મળે તોપણ તેનો લાભ લેવા ભાગ્યશાળી નજ થવાય.

૪ દેહાધ્યાસ—શરીર મમતા તજ્યા વગર નિઃસ્વાર્થ સેવાનો અમૂલ્ય લાભ શી રીતે લઇ શકાય?

૫ શરીર મમતાવડે જીવ તુચ્છ કલ્પિત વિષય સુખ મેળવવા મુગ્ધજનો જીવતોડ મેહનત કર્યા કરે છે. તે મળતાં હર્ષ–આનંદ માને છે અને નાશ પામતાં પારાવાર ખેદ–શોક કરે છે, આવી ઘટમાળમાં દુર્લભ માનવભવ એળે ગુમાવે છે, તેની સાર્થકતા–સફળતા કરી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ દરેક જીવ સુખની ચાહના કરે છે, તેમ છતાં સુખનો ખરો ઉપાય યથાર્થ નહીં સમજાયાથી અને ભ્રાન્તિવશ ખોટા દુ:ખના માર્ગેજ ગમન કરવાથી અંતે તે દુ:ખીજ થાય છે.

૭ વિષય સુખ ભોગવતાં શરૂઆતમાં મીઠાં લાગે છે, પરંતુ પરિણામે કિંપાકનાં ફળની પેઠે મરણાંત કષ્ટ આપે છે, એવી સાચી સમજ પામેલા ભવ્યાત્માઓ તેમાં લુબ્ધ–આસક્ત નજ થાય, મુગ્ધ–અજ્ઞાન જનોજ તેમાં રાચી માચી, ખરા પારમાર્થિક સુખથી વંચિત રહે છે ?

૮ મોહ—અજ્ઞાનવશ પ્રાપ્ત થએલ ચક્ષુ વિગેરે ઇન્દ્રિયનો ગેરઉપયોગ કરાય છે, તેજ મોહ–અજ્ઞાન દૂર થતાં દરેક ઇન્દ્રિયનો કેવળ સદુપયોગજ કરી શકાય છે.

૯ ચપળ–ઉદ્ધત ઘોડા જેવી ઇન્દ્રિયોને ઉન્માર્ગે જતી અટકાવવા માટે સર્વજ્ઞ-વીતરાગના વચનાનુસારે દમી, લગામમાં રાખી હોય તો તે સહાયરૂપ થવા પામે છે.

૧૦ એક ક્ષણ માત્ર વિષય સુખમાં લુબ્ધ થવાથી, ઘણા લાંબા કાળસુધી પારાવાર દુ:ખ ભોગવવું પડે છે, એમ સમજી સુજ્ઞ જનોએ તેમાં મુંઝાઇ રહેવું ઘટતું નથી.

૧૧ જેટલો સમય વિષય સુખની શોધમાં નકામો ગુમાવવામાં આવે છે, તેટલોજ સમય જો પારમાર્થિક સુખની શોધમાં ગાળવામાં આવે તો તે અમૂલ્ય થઇ પડે છે.

૧૨ નિર્દોષ જીવન ગાળનારનો જે સમય જાય છે તે લેખે થાય છે, અને એથી વિપરીત ચાલનારનો અલેખે થાય છે.

૧૩ સાદું નિર્દોષ જીવન ગાળનાર સ્વપરનું ઠીક હિત કરી શકે છે, સંતોષ વૃત્તિને સેવવાથી તે નિ:સ્વાર્થ સેવાનો લાભ મેળવી શકે છે, આત્મસંતોષ એ વગર મળતો નથી.

૧૪ સ્વાર્થ અંધતા જોગે સદોષ વૃત્તિ સેવનાર સદાય અસંતોષી રહ્યા કરે છે. તેથી તેને ખરા સુખનો ગંધ પણ આવી શકતો નથી, તે તો સ્વાર્થત્યાગથીજ સાંપડી શકે છે.

૧૫ જેઓ કાયમ ઇન્દ્રિયોની ગુલામી સ્વીકારે છે એટલે વિષયાસક્ત બની ઇન્દ્રયોની પરાધીનતાજ સેવે છે, તેમને ખરૂં આત્મિક સુખ સ્વપ્નમાં પણ ક્યાંથી હોય?

૧૬ મન અને ઇન્દ્રિયોને જ્ઞાન લગામથી વશ કરનારા સજ્જનોજ ખરૂં સુખ મેળવી શકે છે, તે વગર બધા ફાંફાં છે.

૧૭ જિતેન્દ્રિય જનોજ શુદ્ધ ચારિત્ર યોગે નિ:સ્વાર્થ સેવાનો અપૂર્વ લાભ મેળવી શકે છે. ઇતિશમ્. લે.–**મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યવહારિક કાર્યશીલતા.

( ૧૧ )

## વિઠ્ઠલદાસ—મૂ—શાહ.

આ લેખમાળાની અંદર જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્તિના કેટલાક ઉપાયો બતાવવામાં આવ્યા છે તેમજ પ્રસંગોપાત તેની આવશ્યકતા તથા ઉપાદેયતા બતાવવામાં આવી છે; પરંતુ જેવી રીતે ઘણા રાજાઓમાં એક મહારાજા હોય છે, તેવી રીતે જીવન–સંગ્રામમાં વિજય-પ્રાપ્તિ કરવાના ઉપાયોમાં વ્યવહારિક બુદ્ધિનું સ્થાન છે. કેવળ એક વસ્તુના અભાવે મનુષ્યનો બધો ખેલ બગડી જાય છે. જ્યારે કોઇ મનુષ્ય પોતાના જીવન–સંગ્રામને માટે અનેક ઉપયોગી સાધનોની અનુકૂળતા પ્રાપ્ત કર્યા છતાં પણ પોતાની જીવન–યાત્રાના કોઈ વ્યવહાર અથવા કાર્યમાં અસફલ થાય છે, ત્યારે સમજવું જોઈએ કે તેનું અધિકાંશ કારણ ઉક્ત ગુણનો અભાવ છે. એટલા માટે જેઓ પોતાનું જીવન સફળ અને કૃતાર્થ કરવા ઈચ્છે છે, તેઓએ પોતાની વ્યવહારિક બુદ્ધિની અધિકાધિક વૃદ્ધિ કરવામાં હમેશાં તત્પર રહેવું જોઇએ.

વ્યવહારિક કુશલતાને અર્થાત્ સાંસારિક વ્યવહારો સરલતા અને સુગમતાથી ચલાવવાનાં જ્ઞાનને વ્યવહારિક બુદ્ધિ કહેવામાં આવે છે. એ બુદ્ધિ સાંસારિક બાબતો તથા વ્યવહારોના જ્ઞાન તેમજ કાર્ય–સાધનનું ઉત્તમ રીતોનું મિશ્રણ છે. વ્યવહારિક બુદ્ધિમાં અને મોઢાની વાતોમાં ઘણો તફાવત છે. ઘણા મનુષ્યો બીજાને ઉત્તમોત્તમ અને સામયિક ઉપદેશ આપવામાં ઘણા કુશળ હોય છે. તેઓ ઉપદેશ પણ એવો આપે છે કે જે વડે બીજા લોકો અનેક મુશ્કેલીઓ નડવા છતાં પણ પોતાના કાર્યો સાધી શકે છે. પરંતુ તેઓ પોતે પોતાના ઉપદેશ અનુસાર કાર્ય કરવાની શક્તિ ધરાવતા નથી. તેઓ માત્ર સિદ્ધાંતી હોય છે, કાર્યશીલ નહિ. એવીજ રીતે એ પણ જોવામાં આવે છે કે કાર્યશીલ તેમજ વ્યવહારકુશળ મનુષ્યોમાં ઘણા ખરા એવા હોય છે કે જેઓમાં મનન કરવાની અથવા વિચાર કરવાની શક્તિ ઘણીજ ઓછી હોય છે, પરંતુ એવાજ મનુષ્યો જીવન–સંગ્રામમાં વિજયી બને છે. કેમકે આ સંસારની રચના કાર્ય અને વ્યવહારો માટે છે, નહિ કે અકર્મણ્યતા અને ઉદાસીનતા માટે. કોઈ કોઈ વખત તો એ પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે પ્રખર બુદ્ધિ અને અન્ય બૌદ્ધિક ગુણો હોવા તે સાંસારિક ઉન્નતિ અને સફલતા પ્રાપ્ત કરવામાં બાધારૂપ થઇ પડે છે. એટલા માટે સખેદ એટલું કહેવું પડે છે કે પાઠશાળા અને કૉલેજોનું શિક્ષણ ગમે તેટલું ઉચ્ચ હોય તોપણ જ્યાં સુધી વ્યવહારિક અને વૈજ્ઞાનિક સ્વરૂપમાં નથી હોતું ત્યાં સુધી તે લેશ પણ ઉપયોગનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાન શિક્ષા–પ્રણાલી તરફ ધ્યાન આપવાથી મહાન આશ્ચર્ય તેમજ દુઃખ થાય છે કે ભારત વર્ષના શિક્ષણ–વિભાગમાં વ્યવહારિક શિક્ષણનો ઉચિત પ્રબંધ કરવામાં આવ્યો નથી. આપણો આધુનિક શિક્ષિત વર્ગ સાંસારિક વ્યવહારોમાં અન્ય દેશવાસીયોની અપેક્ષાએ કેટલાં બધાં પછાત છે એ વાત કોઈનાથી અજાણી નથી. મેટ્રીક્યુલેશનનો વિદ્યાર્થી આપણને ઉષ્ણતામાપક યંત્ર કેવી રીતે બનાવવામાં આવે છે તે આપણને ઘણીજ સુંદર રીતે સમજાવી શકશે. પરંતુ ખેદની વાત છે કે સાયન્સના કોઈ પણ ગ્રેજ્યુએટને તે યંત્રની આવશ્યક સામગ્રીઓ પુરી પાડવામાં આવે તોપણ તે બનાવી શકશે નહિ. કદાચ તે પોતાની ડીગ્રીની કીર્તિ ટકાવી રાખવા ખાતર એ યંત્ર બનાવવાનો પ્રયત્ન કરશે તોપણ તેનાથી ઘોડો બનાવવા જતાં ગધેડો બની જશે ! પરંતુ તેમાં વિદ્યાર્થીઓ દોષ પાત્ર નથી. આધુનિક શિક્ષાપ્રણાલી જ દોષિત છે. એટલુંજ નહિ પણ તેનાથી કંઈક અધિક હાનિ પણ થાય છે. એ રટન્ત કારખાનામાંથી જે થોડી ઘણી બુદ્ધિ ખરીદવામાં આવે છે તેનાં મૂલ્યરૂપે પોતાની નૈતિક શક્તિઓ પણ આપવી પડે છે. આ સઘળી વાતો જોઈને કોઈ ખરેખરો સમાલોચક એમ કહી બેસે કે આજ કાલના શિક્ષિત કહેવાતા લોકો ઘરે બેઠા 'કેવળ નવા નવા સિદ્ધાંતો ઘડ્યા કરે છે' તો આપણે તે સાંભળીને નારાજ થવું જોઈએ નહિ. વાત બિલ્કુલ સાચી છે. તેનું મન ઉચ્ચ શિક્ષણના પ્રભાવથી એટલું ચીકણું બની જાય છે કે તેમા "સાંસારિક ઘર્ષણ" ક્યાંય પણ થતું નથી. આજકાલના ઘણાએક શિક્ષિત યુવકો મનુષ્ય જીવનનું મુખ્ય ધ્યેય ભૂલી જાય છે. મનુષ્ય–જીવનનું મુખ્ય ધ્યેય "કંઈક કરવું" અથવા "કંઇક હોવું" એ છે, નહિ કે બીજાએ કહેલી વાતોનું મરણ પર્યંત પિષ્ટપેષણ કર્યા કરવું. જે શિક્ષણ આપણી કાર્ય કારિણી શક્તિઓને વધારવાને તથા ઉત્તેજીત કરવાને બદલે તેમાં પક્ષાઘાતનો રોગ ઉત્પન્ન કરે તે શિક્ષણ શું કામનું ?

હાલમાં આપણે એ પણ જોઈએ છીએ કે ઘણાએક યુવાનો કે જેઓ જીવન સંગ્રામમાં અપાર જ્ઞાનનો 'બોજો લાધ્યા વગર' પ્રવેશ કરે છે તેઓ પોતાની વ્યવહારિક બુદ્ધિનાં બળથી પોતાના સાંસારિક કાર્યોમાં સફલતા પ્રાપ્ત કરી શકે છે. તેઓને કોઈ શિક્ષિત મનુષ્ય પોતાની ભાષામાં 'અભણ' અથવા 'અર્ધશિક્ષિત' ભલે કહે, પરંતુ તે તુચ્છ મનુષ્યો જ પોતાનાં સાહસ, કૌતુક અને કાર્યસંલગ્નતાને લઈને સેંકડો એકાન્તવાસી ઢોંગીયોને સંસાર ક્ષેત્રમાં નીચા બનાવી રહ્યા છે. તેઓને પોતાની અજ્ઞાનતા અને ત્રુટિયોનું ભાન રહે છે, તેઓ પુરેપુરી સંભાળ રાખે છે, અને તેઓને પોતાનાં ચાલવા પર સંપૂર્ણ વિશ્વાસ પણ રહે છે. તેઓ થોડું થોડું જ ચાલે છે અને આશા રાખીને ચાલે છે જેથી કરીને ઉદ્દિષ્ટ સ્થાને કોઈને કોઈ વખતે પહોંચી પણ જાય છે.' પરંતુ અતિ શિક્ષિત મનુષ્ય પોતાની અધિકતાના મદમાંજ ચકચુર રહે છે. સ્મરણમાં રાખો કે સંસારના મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોમાં કોઈ ગણ્યા ગાંઠ્યા મનુષ્યો સિવાય પ્રાયે કરીને અલ્પ બુદ્ધિવાળા, સતત પરિશ્રમી, ધૈર્યવાન હોય છે તથા પોતાની તેમજ બીજાની ખામીઓમાંથી કંઈક નવું શીખનાર હોય છે.

સંભવ છે કે ઉપરોક્ત વાતો ઉપરથી વાંચકોને એવો ભ્રમ થશે કે આમાં માનસિક ઉન્નતિ અને વર્તમાન શિક્ષણ–પ્રણાલીની વ્યર્થ અયોગ્યતા બતાવવામાં આવે છે અને તેની અવહેલના કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. પરંતુ યથાર્થ વાત એ નથી. માનસિક અને બૌદ્ધિક શિક્ષણ અવશ્ય અમૂલ્ય જ છે. પરંતુ જેવી રીતે કેરી ખાધા વગર માત્ર રાખી મૂકવાથી તેના સ્વાદની ખબર પડતી નથી, તેવીજ રીતે શિક્ષણ તથા જ્ઞાન વ્યવહારીક ન હોય તો તેનો કંઈ ઉપયોગ નથી. પઠન પાઠન અને વાંચનનું જ્ઞાન ગમે તેટલું અધિક હોય તોપણ આખરે તે પુસ્તકોમાંજ રહેવાનું. જે જ્ઞાન આપણને જીવનની પ્રત્યક્ષ વાતોથી અનુભવ દ્વારા મળે છે તેજ સાચું જ્ઞાન છે. " આવું તિલભાર જ્ઞાન ( wisdom ) એક શેર પંડિતાઈ ( learning ) કરતાં ઘણું સારૂં છે. " એ કહેવતમાં ઘણું ઉંડું રહસ્ય સમાયલું છે. સંસારમાં જે જે મહાન વિખ્યાત પુરૂષો થઇ ગયા છે, તેઓ સર્વ અધિક પઠન–પાઠનથી નથી થયા. પ્રાચીન જમાનામાં આટલા બધાં પુસ્તકોજ નહોતા. આજ કાલના લાખો કરોડો પુસ્તકોને બદલે તે જમાનામાં એકાદ પુસ્તક મહા મુશ્કેલીથી મળી શકતું હતું; પરંતુ પુસ્તકોના પઠન–પાઠન વગર પૂર્વ યુગના મનુષ્યો એકેકથી ચઢિયાતા, ગુણવાન અને કાર્યશીલ થઈ ગયા છે. જે મનુષ્યે પોતાની બુદ્ધિના ન્હાના નમુના રૂપે રેલગાડીની બનાવટ શીખવી તેણે ઘણા પુસ્તકોનું પઠન–પાઠન કર્યું નહોતું. તાત્પર્ય એ છે કે સંસ્કૃત, અરબી ફારસી, ગ્રીક, લેટીન, અંગ્રેજી યા અન્ય ભાષાના વ્યાકરણમાં વાકયોનો જન્મભર વિન્યાસ કર્યા કરવાથી કોઈ સાહસ અને કાર્ય શીલતાની વૃદ્ધિ થતી નથી. એ રીતે મૌલિકતા તથા નૂતનતા તર્કશાસ્ત્રનાં હજારો પૃષ્ઠોના પઠનથી પણ નથી આવતી. એ સર્વ પ્રત્યક્ષ વ્યવહારથી પ્રાપ્ત થઈ શકે છે; તે રટન્ત શિક્ષાના ફલ સ્વરૂપમાં કદિ પણ પ્રાપ્ત થઈ શકતી નથી. આપણે આ માનવ–જીવનની દોડાદોડમાં હમેશાં જોઈએ છીએ કે કોઈ ફારસી ભણેલો મનુષ્ય તેલ વેચ્યા કરે છે, અને કોઇ નિરક્ષર મનુષ્ય કે જેને પોતાનું નામ પણ લખતા નથી આવડતું તે પોતાના સઘળાં સાંસારિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરીને સુખી બને છે. કોઈ કોઈ વખત એવું પણ જોવામાં આવે છે કે જે મનુષ્ય રાજ્ય શબ્દની પરિભાષા પણ નથી જાણતો તે એક મહાન રાજ્યનું સંચાલન કરીને તેને તુષ્ટિ તથા પુષ્ટિથી સંપૂર્ણ બનાવી દે છે. આ સર્વ વાતોનું કારણ શોધતાં માલૂમ પડશે કે એ મનુષ્યોની પાસે જો કે યુનિવર્સિટીનું કોઇ સર્ટીફિકેટ નથી હોતું, તોપણ તેઓએ આ જીવતા જાગતા સંસારની વ્યવહારીક પાઠશાળાઓમાં અભ્યાસ કર્યો હોય છે. તે લોકો આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યમય જગતની શિક્ષાઓ અને ઉપદેશો ધ્યાનપૂર્વક સાંભળીને સમજ્યા હોય છે; આવા લોકોનેજ આપણે ખરેખરા કાર્યકુશળ અને વ્યવહારનિપુણ કહી શકીએ. આજ કાલની ઉત્તમ કહેવાતી પુસ્તકીય શિક્ષણ પદ્ધતિમાં એ સામર્થ્ય નથી.

અનુભવથી જણાયું છે કે સાંસારિક સફળતા માટે મનને સઘળી વાતોના સ્વરૂપ સંગ્રહનું **અજાયબ ઘર** બનાવવા કરતાં તેને એક સારૂં સંસ્કારપૂર્ણ કાર્યાલય બનાવવું તે વધારે સારૂં છે. સુવિખ્યાત અંગ્રેજ ગ્રંથકાર બેકનનું કથન છે કે "પુસ્તકો, પુસ્તકોનો ઉપયોગ કેમ કરવો તે શીખવી શકતા નથી." પુસ્તકોનો ઉપયોગ આપણને આપણું ચોતરફનું જીવન અને વ્યવહારિક સંસારજ શીખવી શકે છે. **આદર્શ જીવન ચરિત્ર લખવું ઘણું સહેલું છે, પરંતુ આદર્શ જીવનના મનુષ્ય બનવું અત્યંત કઠિન છે.** એવી રીતે એ પણ સંભવિત છે કે પુસ્તકોનું પઠન-પાઠન કર્યા વગર કોઈ સુસંગઠિત મનવાળો મનુષ્ય સંસારને માટે મહાનમાં મહાન કાર્ય કરી નાંખે.

મનુષ્ય ગમે તેટલો પ્રતિભાશાળી હોય પરંતુ જ્યાં સુધી તેણે વ્યવહાર જ્ઞાન તથા કાર્યસાધનની રીતોનું જ્ઞાન સંપાદન કર્યું હોતું નથી, ત્યાં સુધી તે સફલ મનોરથ પણ નથી બની શકતો. તોપણ એ વાત સાચી છે કે તે મનુષ્ય સઘળી વાતોના લાભાલાભ ઘણી ત્વરાથી સમજી જશે. જે સમજવા માટે કોઈ સાધારણ કોટિના મનુષ્યને ઘણોજ સમય લાગશે. ઉદાહરણાર્થ, ગૃધ્ર પક્ષી પોતાના શિકાર તરફ દોડીને તેને ક્ષણવારમાં સ્વલ્પ પ્રયત્ને ઝડપી લે છે, પરંતુ બીલાડી શિકાર માટે એમ કરી શકતી નથી, તેને તેની પાસે છુપાઈ—લપાઇને, સંભાળપૂર્વક, ધૈર્ય સહિત જવું પડે છે. કોઇ મનુષ્ય ગમે તેવો પંડિત હોય, તોપણ તેનું સાંસારિક કાર્ય વ્યવહારકુશળતા વગર ચાલી શકતું નથી. કહેવાની મતલબ એ છે કે સાંસારિક કાર્યોમાં વ્યવહારકુશળતાજ સફળતાની ચાવી છે, કેમકે તે ઇશ્વર પ્રેરિત સંચાલન શક્તિના એક અંશરૂપ છે. જે મનુષ્યો કોઇને કોઈ રીતે પ્રતિષ્ઠિત થયા હોય છે તેઓમાં સર્વ વિચારશીલ હોય વા ન હોય, પરંતુ એ સૌ કાર્યશીલ અને વ્યવહાર કુશળ અવશ્ય હોય છે. હવે એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય કે વ્યવહાર કુશળતા શાથી પ્રાપ્ત થઈ શકે ? જે જે વસ્તુ આપણી આસપાસ બની રહી હોય તે સઘળી આપણે ખુલ્લી આંખોવડે જોવી જોઇએ, આપણે આપણી દશા અને પરિસ્થિતિને અનુકૂળ બની જવું જોઇએ, સહાનુભૂતિ અને સહૃદયતા બતાવવાની તેમજ મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ, ઉચિત વાત ઉચિત સમયે ઉચિત શબ્દોમાંજ કહેવી જોઇએ, સમય અને વિશ્વની ગતિની સાથે ચાલતાં શીખવું જોઇએ, ઇત્યાદિ સંસારમાં સફલતા પ્રાપ્ત કરવા માટે કેવળ ઉચિત કાર્ય કરવાથીજ નથી ચાલતું, પરંતુ ઉચિત સમય તેમજ ઉચિત સ્થાનનું પણ પુરેપુરૂં ધ્યાન હોવું જોઇએ. ઘણાય એવા વ્યવહારજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શૂન્ય મનુષ્યો હોય છે કે જેઓ કાર્ય સંપાદન કરતી વેળાએ બીજાં પગથીયાં ઉપર પ્રથમ ચઢીને પહેલાં પગથીયાં ઉપર પગ રાખે છે. એનું ફલ શું હોવું જોઈએ તે કહેવાની આવશ્યકતા નથી. ઘણા ભાગે મનુષ્યમાં બુદ્ધિની ન્યૂનતા નથી હોતી. કોઇપણ વસ્તુનો અભાવ હોય છે તો તે કાર્ય કરવાની રીતોના જ્ઞાનનો જ હોય છે. પરંતુ જો બુદ્ધિની સહાયતાથી મનુષ્ય એક કાર્ય કરી શકે છે તો કાર્ય સાધનની રીતોનાં જ્ઞાનની સહાયથી તેનાં દશ કાર્યો ઘણી સરલતાથી થઈ શકે છે. સાધારણ બુદ્ધિમાં અને કાર્યસાધનની રીતોનાં જ્ઞાનમાં જમીન આસમાન જેટલું અંતર રહેલું છે. તે રીતો જાણનાર અભણ દુકાનદાર મિતવ્યયિતાનું શિક્ષણ આપનાર પ્રૉફેસર કરતાં વધારે દ્રવ્ય બચાવી શકે છે. વ્યવહાર જ્ઞાન પારસમણિ છે. જેની પ્રાપ્તિ થવાથી ધનલોલુપ મનુષ્ય સુવર્ણનો ઢગલો મેળવી શકે છે, અને સાંસારિક કાર્યોનાં ક્ષેત્રમાં કામ કરનાર મનુષ્ય સફલમનોરથ થઇ શકે છે. સારાંશ એ છે કે સાંસારિક સફલતાની પ્રાપ્તિ અર્થે વ્યવહારકુશળતાની અનિવાર્ય આવશ્યકતા છે. આથી ઉલ્ટું મહાન લેખકો, કવિઓ તથા ઉપદેશકો એવા થઈ ગયા છે કે જેઓ પોતાના કથનનું આચરણ પોતેજ નથી કરી શકયા. તેઓ બીજાઓને ઝીણામાં ઝીણી વાતો શીખવી શકતા હતા; પરંતુ તે કયાં સુધી ? જ્યાં સુધી તેઓનું એકાન્તભવન તેઓની પાસે હતું ત્યાં સુધી. એકાન્તવાસ છોડીને જ્યારે તેઓ બહારના મનુષ્યોના સમૂહમાં આવતા હતા, ત્યારે તેઓની બુદ્ધિ હવામાં ભળી જતી હતી. આ સંબંધે અનેક ઉદાહરણો છે. આડમસ્મિથે સમસ્ત યુરોપને બલ્કે જગત્‌ને મિતવ્યયિતાનો પાઠ શીખવ્યો, પરંતુ તે પોતાનાં ઘરની મિતવ્યયિતાનો પ્રબંધ કરી શકયો નહોતો. અંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથે ધન-સંગ્રહ કરવાની આવશ્યકતા અને રૂણની આપત્તિઓ ઉપર ઘણું લખ્યું છે, પરંતુ તેની આવક ઘણી સારી હોવા છતાં પણ તે એવા સ્વભાવનો હતો કે બીજાને માટે કંઈપણ લેખ વા કવિતા લખ્યા વગર તેને પેટ પુરતું અનાજ પણ મળી શકતું નહોતું.

વ્યવહાર કુશળતાનું, સંસારમાં કાર્ય કરવાની રીતોનું અને સંસારમાં ચાલી શકવાનાં જ્ઞાનનું અહિંઆ જે વર્ણન કરવામાં આવ્યું છે તે જીવન-સંગ્રામમાં સફલતાની પ્રાપ્તિ અર્થે કારણભૂત તો અવશ્ય છે, પરંતુ તે કાંઇ સફલતા પ્રાપ્ત કરાવી દેનાર નથી. હા, એટલું તો અવશ્ય છે કે તેના અભાવે સફલતા કદિ પણ પ્રાપ્ત થઈ શકતી નથી, કેમકે પુસ્તક વાંચતી વેળાએ જેટલી જરૂર આંખો ઉઘાડવાની છે તેટલીજ જરૂર સાંસારિક સફલતાની પ્રાપ્તિ અર્થે સાંસારિક વ્યવહારોનાં જ્ઞાનની છે. વ્યવહારજ્ઞાન રહિત મનુષ્ય હમેશાં કંઇનું કંઈ કાર્ય કરી બેસે છે. દેવું ચુકવવામાં તે હમેશાં કાંઇનેકાંઇ બાકી રાખેછે, પોતાથી મોટાને ચિઠ્ઠિ લખવામાં તે ઉદ્દણ્ડતા બતાવશે, પોતાથી નાના માટે તિરસ્કાર ભર્યા શ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્દોનો ઉપયોગ કરશે, તેને સૂવાને વખતે ખાવાનું સૂઝશે અને દુ:ખને સમયે આનંદ કરવાનું ગમશે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે અસાધારણ બુદ્ધિવાળો મનુષ્ય પણ ઘણે ભાગે વ્યવહાર જ્ઞાનશૂન્ય જોવામાં આવે છે. લોકોને એ વાતથી આશ્ચર્ય થાય છે કે જે મનુષ્ય પુસ્તકો, લેખો અને ઉપદેશો દ્વારા બીજાઓને ઉચિત માર્ગ બતાવી શકે છે તેવો બુદ્ધિમાન મનુષ્ય પોતાનાં આવશ્યક કાર્યો સાધવામાં ગંભીર ભૂલો કરી બેસે છે. પરંતુ એમાં કાંઇ આશ્ચર્યની વાત નથી. ગંભીર મનનશક્તિ તથા વિચારશક્તિમાં જે માનસિક ગુણોની આવશ્યકતા હોય છે તેથી વિપરીત ગુણોની આવશ્યકતા વ્યવહારજ્ઞાનમાં હોય છે.

ઉપર કહેવામાં આવ્યું છે કે સફલતાઓ પ્રાપ્ત કરવામાં પુસ્તકોનાં જ્ઞાન કરતાં વ્યવહારકુશલતાની વિશેષ આવશ્યકતા છે તેનો અર્થ એવો નથી કે પુસ્તકો અનુપયોગી વસ્તુઓ છે. હકીકત એ છે કે અધિક વાંચન કરનાર મનુષ્ય અધિક મનન, ચિંતન અને વિચાર કરવામાં તથા વૃથા સિદ્ધાંતવાદમાં પોતાનો સમય ગુમાવે છે, અને અમુક અમુક કલ્પિત કઠિનતાઓને લઇને કાર્યારંભ પણ નથી કરતો. તેની જીવન-યાત્રા સિદ્ધાંતરચનામાં જ સમાપ્ત થઈ જાય છે. એટલા માટે ગ્રંથજન્ય જ્ઞાનની સાથે વ્યવહારિક કુશળતાની પરમ આવશ્યકતા છે. તેઓ એક બીજાના પોષક તો અવશ્ય છે, પરંતુ એકની પ્રાપ્તિથી બીજું અવશ્ય પ્રાપ્ત થશેજ એમ કહી શકાતું નથી. તેથી આપણે માનવ-જીવનની સાર્થકતા તથા સફલતાની પ્રાપ્તિ અર્થે બન્ને ગુણો પ્રાપ્ત કરવા હમેશાં યત્ન શીલ રહેવું જોઈએ.

# જ્ઞાનમય જીંદગી સુખી શી રીતે છે?

"વસ્તુને વસ્તુ સ્વરૂપે જાણવી" તેને જૈન શાસ્ત્રકાર મહારાજ સામાન્ય રીતે જ્ઞાન કહે છે, પરંતુ તેને જીંદગીમાં સુખ અથવા દુ:ખ, ઇષ્ટ અથવા અનિષ્ટ, જે કાળે જે પ્રાપ્ત થાય તેને મન ઉપર અસર થવા દીધા સિવાય ઉઠાવી લેવું તેમાંજ આનંદ માનવા, સમભાવ ધારણ કરવો તે વાસ્તવિક ખરૂં જ્ઞાન કહેવાય છે. સુખમય જીંદગીનું પ્રથમ પગથીઉં શ્રદ્ધા છે જેને આપ્ત પુરૂષો સમ્યકત્વ કહે છે. અને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા સિવાયના પુરૂષોને પ્રથમ તેજ હોય છે પરંતુ તેનો અંતિમ હેતુ જ્ઞાન છે. શ્રદ્ધા માર્ગદર્શક છે. જ્ઞાન મુકામ છે. જ્યારે શ્રદ્ધાને ઘણી વિટંબના ઉઠાવવી પડે છે ત્યારે જ્ઞાન તેને ઓળંગી જાય છે. શ્રદ્ધા જ્ઞાનની શોધમાં ગોથાં ખાય છે, ત્યારે જ્ઞાન પ્રકાશમાં હોવાથી જાણે છે, અનુભવે છે. શ્રદ્ધા વગર જ્ઞાન મળતું નથી અને નકામું છે. જેથી જ્ઞાન સંપાદન કરનાર માટે પુરતી શ્રદ્ધા ઉપયોગી છે. જ્ઞાનમય જીંદગી ખરેખર સુખમય છે. જ્ઞાનનો અર્થ શુષ્ક આગમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તક જન્ય એકલું નહીં, પરંતુ વિચારેલું, કેળવેલું, અનુભવેલું, વર્તનમાં ઉતારેલું, જીંદગીને સાર્થક કરી શકયું હોય તેજ જ્ઞાન કહેવાય છે. ખરેખરા જ્ઞાન વગર જીંદગીના અસંખ્ય દુ:ખો–આધિ વ્યાધિ અને ઉપાધિઓ ટળતી નથી.

પાપી મનુષ્યો પણ શ્રદ્ધા પૂર્વક મેળવેલ જ્ઞાનથી વર્તનમાં ઉતારી પવિત્ર જીંદગી ગાળી મોક્ષગામી થઇ શકયા છે.

ચિંતા, બીક, દિલગીરી, નાઉમેદી, નિરાશા, દુ:ખ, પશ્ચાતાપ વિગેરે જ્ઞાનવાન્ મનુષ્યના હૃદયમાં તેને સ્થાન મળતુંજ નથી. અને તે અસર પણ તેને કરી શકતી નથી સ્વાર્થી મનુષ્યોના જીવન સાથે તે દોષો વળગેલા છે. સ્વાર્થમાં સુખ અને સ્વસ્થતા નથી તેમજ તેવે સ્થળે આવેશો અને તૃષ્ણા વળગેલ હોવાથી ડહાપણ અને શાંતિને ત્યાં અવકાશજ નથી. ક્ષેમકુશળપણું, ખાત્રી, સુખ, આનંદ, સંતોષ અને શાન્તિ એ સઘળા દૂષણ વગર જીંદગી ગાળનાર ડાહ્યા મનુષ્યોને વગર મહેનતે મળે છે.

જ્ઞાની મનુષ્યને પડતા દુ:ખો, થતી નિરાશાઓ તે તેમની જીંદગીને સુધારવા કસોટીએ ચડાવવા અર્થે સરજાયેલા છે જેથી તેના આગમનથી તે વધારે સુખી થાય છે.

જ્ઞાની પોતે સુકૃત્યો કરે છે, અને સારા નરસા પરિણામ બરાબર સમજતો હોવાથી બીજાના અપકૃત્યોથી પણ તે દુ:ખ ન ધરતાં તે જાણે છે કે જેવું મનુષ્ય વાવે છે તેવું લણે છે, તેટલુંજ નહીં પણ ઉલટું બીજા કોઈ મનુષ્ય તેના અપરાધ કરે અથવા તેના અવગુણ કરે તો તે તેને માટે માફ કરી દયા ખાઇ સામો ઉપકાર કરવામાં જ પોતાને કૃતકૃત્ય માને છે. મહાન પુરૂષો આવાજ હોય છે. ભૂત કાળના દરેક ધર્મના ઇતિહાસમાં તેવા પુરૂષોના નામ સુવર્ણ અક્ષરે લખાયેલ છે, વર્તમાન કાળમાં ચાલતી દેશની પ્રવૃત્તિમાં મહાપુરૂષ ગાંધીનો દાખલો મોજુદ છે. અસહકારની પ્રવૃતિ વખતે બીનકેળવાયેલા મનુષ્યોએ કરેલી મારફાડ વખતે તેઓના આત્માને કેટલું દુ:ખ થયું હતું, તેઓને માટે ગમે તેવું બોલનાર લખનાર કે જેલમાં મોકલનાર માટે પણ જેને દ્વેષ થયો નથી, અને અશુભ ચિંતવન પણ કર્યું નથી અને અહિંસાનો સિદ્ધાંત બનતી રીતે ફેલાવવાના પ્રયત્નો સેવ્યા છે અને પણ તેમનો હેતુ તેજ છે. આનું નામ ખરૂં જ્ઞાન અને શ્રદ્ધા છે.

તેથીજ જ્ઞાની મનુષ્ય એ ફીરસ્તો છે એમ મહાન પુરૂષો કહે છે. તેવો પુરૂષ સંયમી હોવાથી જીંદગીના બધા વ્યવહારોમાં નિર્લેપ રહી સુખમાં પસાર કરે છે. ચડતી પડતી, સુખ દુ:ખને તડકા પછી છાંયો આવે તેમ ગણી બધી તરફ સમદષ્ટિ રાખી કર્મ જનિત ફળ માની શાંતિથી સહન કરી સુખી જીંદગી આનંદમાં ગુજારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જ્ઞાની સંયમી મનુષ્યોએ સ્વાર્થને તિલાંજલી આપેલ છે તેની દષ્ટિ બદલાઇ દૈવી બની જાય છે જેથી સર્વ જગત આનંદરૂપ અને જીવન પ્રેમમય બની રહે છે અને સર્વ પ્રાણીને પોતાના કુટુંબ પ્રમાણે માની પરના ભલામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે." પોતાની શક્તિનો ઉપયોગ પરોપકાર, દયા, ક્ષમા, ધૈર્યતામાં કરે છે, અને તેનામાં એવી દૈવી શક્તિ પેદા થાય છે કે અને તેથી તેનામાં આખી દુનીયાના શિક્ષક માર્ગદર્શક ગુરૂ થઈ રહે છે. મહાત્મા ગાંધીનો દાખલો અત્યારે તેજ સ્વરૂપ છે. આવા પુરૂષો થોડું બોલે છે, બોલે છે તે પાળે છે, વર્તનમાં તેજ પ્રમાણે ઉતારે છે જેથી નેતા તરીકે તેની ગણત્રી થાય છે અને જાણે અજાણ્યે પોતાના દાખલાથી–વર્તનથી અન્યને સુધારવા તે સાધનભૂત બને છે.

આવી સ્થિતિએ પહોંચેલા મનુષ્યોને દુઃખ શબ્દ અસ્તિ ધરાવતો નથી. સદાય સંતોષી, સુખી રહે છે, અને તેમના તેવા જ્ઞાનથી સંયમ, સત્ય, ધૈર્ય, દયા, ક્ષમા, નિર્લોભપણું જગતપ્રેમ, નિષ્કપટપણું, આર્જવતા, સમદષ્ટિ વિગેરે સદ્ગુણો તેને વળગે છે જેથી તે આ દુનીયાને સ્વર્ગ તુલ્ય અનુભવી સુખમય જીંદગી ગાળે છે અને અન્ય માટે તેવા પ્રયત્નો કરે છે. તેવા પુરૂષોની જીંદગી સફળ છે. દરેક મનુષ્યો પોતાની જીંદગી સુખમય અને સફળ કરવા જ્ઞાનવાન્ બનો એવી પરમાત્માની પ્રાર્થના છે.

## કાવ્ય.

ધીક ધીક મૂરખ તુજ જીંદગાની, જનમી જીવતર ખોયું;
પરમ કૃપાળુ શ્રી વીતરાગને, ભજ્યા વીણ ગયું ટાણું.
કુડ કપટના કરમાં પાસા, ગ્રહણ કરીને તું બેઠો;
જુઠ જગતની બાજી ઢાળી, ઉંધા ચીતા દા દેતો.
નથી જાણતો મૂર્ખ અરેરે, સમય તણી શી કીંમત છે;
કાળ ચક્ર તો ફરતું શીરે, આવી પલમાં ઘેરી લે.
ફાંફાં મારતાં દોષ તણી નીજ, માફી માગતાં નહિ તે દે.
કર્યાં કર્મની શીક્ષા કરવા, દયા નહિ ઉરમાં ધારે.

**હરગોવન નાગરદાસ માજની.**

**રાધનપુર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખરો ગૃહસ્થ કોણ?

* ગૃહસ્થ શબ્દનો મૂલ અર્થ ઘરમાં સ્ત્રી સાથે રહેનાર એવો થાય છે. લક્ષણાથી તેનો અર્થ એવો પણ કરી શકાય છે કે, જે આ જગત્‌માં પ્રતિષ્ઠા પામી પોતાના કર્ત્તવ્યને યથાર્થ રીતે બજાવતો હોય; તે પણ **ગૃહસ્થ** કહેવાય છે. આજકાલ એ અર્થનો વ્યત્યય થઈ ગયો છે. સામાન્ય રીતે જે સારી સ્થિતિવાળો **શ્રીમંત** હોય તે ગૃહસ્થ ગણાય છે. તેમાં પણ તેની બાહ્ય સ્થિતિનો વિચાર કરવામાં આવે છે, આંતર સ્થિતિનો વિચાર જરાપણ કરવામાં આવતો નથી. ખરી રીતે તો ગૃહસ્થની ઉભય સ્થિતિનો વિચાર કરવાનો છે. બાહ્ય અને આંતર ઉભય સ્થિતિ સારી હોય, તેજ ગૃહસ્થ ગણાય છે. પ્રાચીન વિદ્વાનો પણ એ ઉભય સ્થિતિનું નિરીક્ષણ કરી ગૃહસ્થ પદની સ્થાપના કરતા હતા. આજકાલ કેવળ બાહ્ય સ્થિતિનું વિલોકન કરવામાં આવે છે. આથી બાહ્ય આડંબરવાળા પુરૂષો ગૃહસ્થપદના અધિકારી થઈ પડે છે. ગૃહસ્થના લક્ષણને માટે એક વિદ્વાન્ આ પ્રમાણે લખે છે—

**" शुद्धं बाह्यमांतरं च लक्षणं यस्य लक्ष्यते ।**
**सद्गृहस्थः स विज्ञेयः सामान्या इतरे जनाः " ॥ १ ॥**

" જેનું બાહ્ય અને આંતર લક્ષણ શુદ્ધ દેખાતું હોય, તે સદ્‌ગૃહસ્થ જાણવો, તે સિવાય બીજાઓ સામાન્ય મનુષ્ય સમજવા. " ૧

ગૃહસ્થના બાહ્ય અને આંતર એવા બે સ્વરૂપ જાણવા જોઈએ. ગૃહસ્થના બાહ્ય સ્વરૂપમાં તેણે સારા સુખકારી ગૃહમાં નિવાસ કરવો જોઈએ. નવરંગિત અને વિલાસ ભરેલું ઘર ભલે નહોય, પણ તે સર્વ પ્રકારે નિવાસ કરવાને લાયક હોવું જોઈએ. પોતાના સ્ત્રીવર્ગ અને સંતતિ સારી રીતે રહી શકે તેવી સગવડતાવાળું ઘર હોવું જોઈએ. જેની અંદર સ્નાન, ભોજન, પૂજન અને શયન વિગેરે કરવાના જુદા જુદા ખંડ હોય અને વાંચન અને અભ્યાસના ખંડો એકાંતે હોય તેવું ઘર હોવું જોઈએ. તે સાથે ગૃહસ્થે પોતાની સંતતિને સારી કેળવણી આપવા પ્રયત્ન કરવો જોઈએ. વિદ્વાન્ અને વિનીત સંતાનો થાય, એવો પ્રયત્ન આચરવો જોઇએ.

ઉત્તમ ગૃહસ્થે પોતાના સ્ત્રી વર્ગમાં સ્ત્રી–કેળવણીનો પ્રચાર કરવો જોઇએ.

---

* **गृहैर्दारैः सह तिष्टतीति गृहस्थः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણીથી અલંકૃત થયેલી સ્ત્રી, પુત્રીઓ અને પૌત્રીઓ ગૃહસ્થના ઘરને દીપાવનારી થાય છે. તેવી સ્ત્રીઓ સદા મધુરભાષિણી–વિચારવિભૂષિત થાય છે.

ગૃહસ્થ સદા ઉદ્યોગી હોવો જોઈએ. સ્વેચ્છાથી અને સ્વતંત્રતાથી ન્યાયમાર્ગે દ્રવ્ય ઉપાર્જન કરવાને ગૃહસ્થે પ્રયત્ન કરવો જોઇએ. તે સાથે સર્વદા સંતોષને ધારણ કરી વર્ત્તવું જોઇએ. અસંતુષ્ટ હૃદયવાળા ગૃહસ્થો આ જગતના વ્યવહારમાં નિંદાપાત્ર કાર્યો કરવાને ઉભા થાય છે.

ગૃહસ્થે સદા એકપત્નીવ્રત રાખવું જોઈએ. પોતાની વિવાહિત સ્ત્રીના પવિત્ર પ્રેમ સાથે બંધાઇને રહેવું જોઇએ. એથી શીળધર્મની રક્ષા પણ થઈ શકે છે. એકપત્ની થયેલી પવિત્ર પ્રેમદેવની સ્થાપના ગૃહસ્થને તેના જીવનમાં કલ્યાણકારિ થઈ પડે છે.

ગૃહસ્થે પોષ્યવર્ગ તરફ પૂર્ણ લક્ષ આપવું જોઈએ. પોતાના ગૃહાવાસને લગતા કયા કયા સંબંધીઓ પોષ્ય છે? અને તેઓનું કેવી રીતે પોષણ કરવાનું છે? તેનો સર્વદા સુવિચાર કરવો જોઇએ. પોષ્યવર્ગનું પોષણ ઉભય રીતે એટલે જ્ઞાનદાનથી અને નિર્વાહદાનથી કહેલું છે. જેઓ જ્ઞાનદાનથી પોષણીય છે, તેમને ઉત્તમ પ્રકારની કેળવણી આપવી જોઈએ. બાલ્યવયના આરંભથીજ જ્ઞાનદાનનું પોષણ કરવામાં આવે તો તે યૌવનવયમાં ઉત્તમ પ્રકારનું જ્ઞાનરૂપ પોષણ મેળવી શકે છે, અને સર્વ પ્રકારે ગૃહસ્થધર્મની યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે. જેઓ માત્ર નિર્વાહદાનની અપેક્ષા રાખનારા છે, તેઓને યોગ્ય એવું પોષણ આપવાની આવશ્યક્તા છે. તથાપિ એવો પોષ્યવર્ગ પણ ઉપદેશદાન મેળવી શકે તેવી યોજના કરવી જોઇએ.

ગૃહસ્થે ન્યાયોપાર્જિત વિત્ત તરફ પૂર્ણ લક્ષ આપવાનું છે. પોતાના કુટુંબના નિર્વાહને માટે દ્રવ્ય ઉપાર્જન કરવું જોઈએ, પણ તે ન્યાયમાર્ગે કરવું જોઈએ. અગણિત દ્રવ્યનો લાભ થતો હોય તો પણ ગૃહસ્થે પોતાના ન્યાયમાર્ગથી ભ્રષ્ટ થવું નહીં. નીતિપૂર્વક દ્રવ્યોપાર્જન કરનાર ગૃહસ્થ દ્રવ્યની પ્રાપ્તિમાં અને પ્રતિષ્ઠામાં આગળ વધે છે. એવા હજારો દૃષ્ટાંતો જૈન ચરિતાનુયોગમાં આપેલા છે.

ઉપર પ્રમાણે જણાવેલા ગૃહસ્થનું બાહ્ય સ્વરૂપ કહેલું છે. હવે ગૃહસ્થનું આંતર સ્વરૂપ કહેવામાં આવે છે.

ઉત્તમ ગૃહસ્થે પ્રથમ મનની શુદ્ધિ ધારણ કરવી. પોતે કાંઈપણ પ્રવૃત્તિ કરે, તેમાં પ્રથમ લાભાલાભનો વિચાર કરવો. તે સાથે પોતાના કર્ત્તવ્યનો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ વિચાર કરવો. ગૃહસ્થે કેવે માર્ગે પ્રવર્ત્તવું જોઈએ ? તે માર્ગની ઉત્કૃષ્ટતા હૃદયમાં વિચારવી. પોતાની યોગ્યતા તેના સંબંધમાં કેટલી છે? તેનો પણ વિચાર કરવો. પોતાને માટે ( ગૃહસ્થને માટે ) સર્વજ્ઞ પ્રભુએ જે કાંઈ કથન કર્યું હોય, તેમાં પારાવાર રહસ્ય સમાયલું છે, એમ ચિંતવવું. તેની અંદર ઉત્સર્ગ–અપવાદ વિગેરે પણ ગુરૂમુખે સમજી તેનો વિચાર કરવો. આ પ્રમાણે વિચાર કરવાથી તેના પર બહુમાન આવે છે, પોતાની કર્ત્તવ્યતા ભાસે છે, શુભ ઈચ્છાની અભિવૃદ્ધિ થાય છે અને પોતામાં ગૃહસ્થધર્મની યોગ્યતા પ્રગટ થાય છે. સર્વદા ગૃહસ્થ–વ્યવહારનું યથાર્થ અવલોકન કરવું, તેના કર્ત્તવ્ય વિગેરેનો મનમાં વિચાર કરીને એવી ધારણા ધારી રાખવી કે જ્યારે ગૃહસ્થાવાસમાં કોઈ કર્મયોગે કાંઈ અંતરાય આવી પડે, ત્યારે પોતામાં તે ગૃહસ્થાવાસ પ્રતિપાલન કરવાની શક્તિ પ્રાપ્ત થાય.

વળી ઉત્તમ ગૃહસ્થે અન્વયથી વિચાર કર્યા બાદ વ્યતિરેકથી વિચારવું કે, જે ગૃહસ્થ પોતાના ગૃહસ્થાવાસના વ્યવહારને જોતો નથી, તેના સ્વરૂપનું હૃદયમાં ચિંતવન કરતો નથી–તેના સ્વરૂપાદિકનું હૃદયમાં સ્થાપન કરતો નથી, અને એક નિર્ણયવાળી ધારણા ધારતો નથી તે કોઈપણ કાળે ગૃહસ્થપણાના માર્ગને પ્રાપ્ત કરી શકતો નથી, તેની યોગ્યતા મેળવી શકતો નથી, તે તો આ સંસારમાં રહી અપાર કર્મ બાંધ્યા કરે છે. ગૃહસ્થાવાસની યોગ્યતા પ્રાપ્ત કરવાને અંગે ગૃહસ્થે તેના આંતર સ્વરૂપનો દીર્ઘ વિચાર કરવો જોઈએ, ગૃહસ્થ જો કે તદ્દન સાધુની જેમ વિરતિ ધર્મનો ધારક હોઈ શકતો નથી, તોપણ તેણે યથાશક્તિ વિરતિ ધર્મની ભાવના ભાવવી જોઈએ. જેમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ રહેલો હોય–કલેશ ઉભો થાય તેમ હોય, અને જેમાં પોતાને કે બીજાને આર્ત્તધ્યાન થવાનું કારણ બને તેમ હોય, પોતાના આત્માને પણ શાંતિ મળે તેવું ન હોય–એવો માર્ગ વિવેકી ગૃહસ્થે જો ગૃહસ્થ ધર્મની યોગ્યતા મેળવવી હોય તો વર્જવો–ત્યજી દેવો. ઉત્તમ ગૃહસ્થે હંમેશાં પોતાના કર્ત્તવ્યના સાધ્યબિંદુ તરફ લક્ષ આપવું જોઈએ. જો ગૃહસ્થ સાધ્યબિંદુ સમજી શકતો ન હોય, તો તે જુદી વાત છે; પરંતુ જ્યારે પરિણામ સુંદર આવતું દેખાય નહીં, ત્યારે કાં તો સાધ્ય ધારવામાં ભુલ થઈ હોય અથવા પાછળથી સાધ્ય ફરી ગયું હોય, એમ વિચારદૃષ્ટિએ દેખાઇ આવે છે. આ બાબતમાં ગૃહસ્થે વિચારવું કે, તેનું કર્ત્તવ્ય તો તેણે કોઈ પણ વિક્ષેપમાર્ગમાં ન પડવું, એજ ઉત્તમ છે. ગૃહસ્થે પોતાના ગૃહસ્થધર્મની યોગ્યતા મેળવવી હોય તો તેણે પોતાના કર્ત્તવ્યને અંતરાય કરનારા માર્ગને ત્યજી દેવો. પ્રથમ તો તેણે વિક્ષેપનો સર્વથા ત્યાગ કરવો. પોતે વિક્ષેપ કરવો નહીં, કોઇને વિક્ષેપ કરાવવો નહીં, કોઈને વિક્ષેપ ઉત્પન્ન થાય તેવા સાધનો જોડી દેવા નહીં અને કોઇને અંદર અંદર વિક્ષેપ થતો જોઈને રાજી થવું નહીં. જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં વિક્ષેપ થતો હોય કે થયેલો હોય ત્યાં ત્યાંથી તેને દૂર કરાવવા માટે બનતો પ્રયત્ન કરવો. તેમાં પોતાની સત્તાનો, પોતાની બુદ્ધિનો અને પોતાના વીર્યનો ઉપયોગ કરવો, એમ કરવાથી તેને ગૃહસ્થધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આ પ્રકારે ગૃહસ્થના બાહ્ય અને આંતર સ્વરૂપને ઓળખનારો અને તે પ્રમાણે વર્ત્તવા તત્પર રહેનારો ગૃહસ્થ જ ખરો ગૃહસ્થ કહેવાય છે.

ખરો ગૃહસ્થ મનોયોગ, વચનયોગ અને કાયયોગ-એ ત્રણે યોગને શુદ્ધ રીતે પ્રવર્ત્તાવે છે. તે પોતાના મનને વિષમ કષાયના મલિન વિચારમાં પ્રવર્ત્તાવતો નથી, નઠારા સંકલ્પ–વિકલ્પ કરતો નથી, ઇંદ્રિયોના વિષયોની તીવ્ર વાંછના રાખતો નથી, કોઈનું અહિત ચિંતવતો નથી, કોઈને સુખી કે ગુણી દેખી ઈર્ષ્યા કરતો નથી, પણ હૃદયમાં રાજી થાય છે, અને તેની પ્રશંસા કરે છે, દુઃખી જીવોને જોઈ હૃદયમાં ખેદ ધરે છે, તેના દુઃખ–દર્દ ટાળવાના બની શકતા ઉપાયો યોજે છે, પાપી જીવોને પાપમાંથી નિવારે છે, જો તે નિવારણ અશકય જણાય તો ખેદ ન કરતાં તે તરફ ઉપેક્ષા રાખે છે. દરેક જીવનું હિત ચિંતવે છે. પાપસ્થાનકના વિચારો ત્યજી દઇ તેનાથી વિરૂદ્ધ ઉત્તમ વિચારો કરે છે, જીવનું એકત્વ અને પુદ્ગળનો અશુચિ સ્વભાવ ચિંતવે છે, હૃદયમાં સંસારના સ્વરૂપનો વિચાર લાવ્યા કરે છે, જે વિચારો આત્માને મલિન કરનારા–હાનિ પહોંચાડનારા હોય, તેનાથી મનને દૂર રાખે છે. તે અનેક પાપારંભો કરી તૃષ્ણાને વધારવા ઈચ્છતો નથી, સુખની અભિલાષા અને દુઃખ પર દ્વેષ ધરવામાં તે તીવ્રતા રાખતો નથી. તે કોઈનું અહિત ચિંતવતો નથી, કોઈને કલંક આપવાના વિચારો કરતો નથી, માન હાનિનો પશ્ચાતાપ, માયા ભાવ તરફ પ્રેમ, અને આસક્તિ એ બધાથી તે સર્વથા દૂર રહે છે. આવો શ્રાવકજ ખરો ગૃહસ્થ શ્રાવક કહેવાય છે.

હવે વ્યતિરેકથી વિચાર કરતાં માલમ પડશે કે, જે ગૃહસ્થ સંઘના સંપને તોડનારો હોય, પરસ્પર દ્વેષ, ઈર્ષ્યા અને કુસંપ કરાવનારો હોય, વિક્ષેપ કરાવી રાજી થતો હોય, કોઈનો ગેરવાજબી રીતે પક્ષપાતપણે કે વગર વિચારે બહિષ્કાર કરવામાં આનંદ માનતો હોય, પોતાના જ્ઞાતિ, દેશ, સમાજના દુઃખ દુર કરવા તરફ દુર્લક્ષ્ય કરતો હોય, પવિત્ર ચારિત્રધારી મુનિઓને અવળે માર્ગે દોરતો હોય, તેને હથીયાર બનાવી પોતાની સત્તા જમાવતો હોય, માત્ર માન અને કીર્ત્તિની ઇચ્છાથી સંઘ કે જ્ઞાતિનો કાર્યવાહક બનતો હોય, પક્ષપાત કરવામાં તત્પર રહેતો હોય, વ્યવહારની તમામ કળાનો દુરૂપયોગ કરતો હોય, લોભને વશ થઇ લક્ષ્મીનો દાસ બની રહ્યો હોય, આડંબર તથા કીર્તિને વધારે પસંદ કરતો હોય, પોતાની કોમની ઉન્નતિના વિચારોને પોતાના સ્વાર્થ ખાતર તોડનારો હોય, પોતાની નઠારી ધારણા પાર ઉતારવાને યુક્તિબાજ બનતો હોય અને દેશકાળાનુસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજુબાજુના સંયોગો તરફ દૃષ્ટિ ન કરતાં અનુચિત દુરાગ્રહ ધરી રાખતો હોય તે ખરો ગૃહસ્થ કહેવાતો નથી.

જ્ઞાન અને વ્યવહારના માર્ગમાં વિહાર કરી અનુભવી બનેલા વિદ્વાનોએ ખરા ગૃહસ્થના બે ભેદ પાડેલા છે. **ગર્ભશ્રીમાન્ અને તાત્કાલિક શ્રીમાન્.** ગર્ભશ્રીમાન્ પોતાના વડીલોની પરંપરાથીજ ખરો ગૃહસ્થ બનેલો હોય છે. અને તાત્કાલિક શ્રીમાન્ શ્રીમંતાઈને અકસ્માત્ પ્રાપ્ત કરી ગૃહસ્થ બનેલો હોયછે. ગર્ભશ્રીમાન્ વ્યવહારના ગમે તેવા સંયોગોમાં પણ પોતાની એકજ વૃત્તિ રાખી શકે છે. અને તાત્કાલિક શ્રીમાન્ જો જુદા પ્રકારના સંયોગોમાં આવી પડે તો તે બદલાઈ જાય છે. છતાં કેટલાક તાત્કાલિક શ્રીમાન્ ગર્ભશ્રીમાન્‌ના જેવી દૃઢતા બતાવી પણ શકે છે. તે ઉભય ગૃહસ્થોએ પણ સત્સંગનું સદા સેવન કરવાની જરૂર છે. કુસંગનો દોષ તે ઉભયને પણ હાનિકારક થઈ પડે છે.

તે ઉભયમાંથી જેણે ખરા ગૃહસ્થ તરીકે રહેવું હોય તેણે ધર્મ અને વ્યવહારના કેટલાએક સિદ્ધાંતો ગૃહણ કરવા જોઈએ. સમયને ઓળખી કાર્ય કરવાં જોઈએ. જે માર્ગ ધર્મ અને પોતાની કોમની વૃદ્ધિ અને વિકાસના સુચિહ્ન દર્શાવતો હોય તેમજ દેશકાળનો પ્રવાહ જે માર્ગે વહન થતો હોય તે માર્ગેજ તેણે પ્રયાણ કરવું જોઇએ. ખરા ગૃહસ્થે પોતાનો યશસ્વી પ્રયત્ન એકજ દિશામાં દર્શાવવો જોઈએ. તેણે પોતાનું આર્થિક અને બુદ્ધિનું સામર્થ્ય ઉત્સાહથી યોજવું જોઇએ. જન સ્વભાવ, જન ભાવના અથવા તેનાથી ઉદ્‌ભૂત એવા વ્યવહારનું વિલોકન તેણે કરવું જોઈએ; અનુભવી વિદ્વાનો કહે છે કે, જન સ્વભાવ અથવા જન ભાવનાથી આવિર્ભૂત થયેલા કાર્યોનો અથવા વ્યવહારનો અભ્યાસ દરેક ગૃહસ્થને ખરો ગૃહસ્થ બનાવે છે. જેટલો તે વિકટ છે તેટલોજ તે આનંદ આપનાર છે અને પરંપરાએ તે ધર્મ અને કર્ત્તવ્યનું સાધન બને છે. જે ગૃહસ્થ મનુષ્યજીવનની વિવિધ ભાવના અને તેનાથી ઉદ્‌ભૂત એવો જે વ્યવહાર છે તેનો સંપૂર્ણ જ્ઞાતા થાય છે તે ખરો ગૃહસ્થ કહેવાય છે. તે ખરો ગૃહસ્થ ધર્મ અને વ્યવહારના શુદ્ધ માર્ગમાં દીપી નીકળે છે અને ધર્મ, અર્થ તથા કામનો ભોક્તા બની પરમ શ્રેયનો સાધક બને છે. ખરો ગૃહસ્થ ધાર્મિક વિષયોની સંસ્થાઓનો મદદગાર થાય છે. અભ્યાસીઓને પૂર્ણ સહાય આપે છે અને સ્વધર્મનું યથાર્થ પ્રતિપાલન કરે છે અને પોતાની કોમ–સમાજ, ધર્મ અને દેશને ઉપયોગી બને છે. ખરો ગૃહસ્થ મોહલુબ્ધ બનતો નથી. તે પોતાની પ્રતિષ્ઠા અને લજ્જા ઉપર ધ્યાન આપે છે. તેના વિચારો પણ ધર્મ કે નીતિ વિરૂદ્ધ હોતા નથી. તેના અંતઃકરણમાં સદ્‌બોધ ઠરે છે. તેનું મન સ્થિર રહે છે, તે સ્વપ્નમાં તથા જાગૃત અવસ્થામાં ઉપયોગ પૂર્વક રહે છે. તે દુષ્ટ વિકારના ફંદમાં ફસાતો નથી અને અનીતિના કામ કરવાને તત્પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો નથી. ખરો ગૃહસ્થ પ્રપંચ કરતો નથી, અને પોતાના શરીરને મોટા જોખમમાં નાંખતો નથી. જ્યાં વિશ્વાસ રાખવા જેવું નથી ત્યાં વિશ્વાસ રાખતો નથી, મોહફંદમાં ફસાતો નથી, કપટ ભેદમાં લેવાતો નથી અને પક્ષપાત કરતો નથી; આવો ગૃહસ્થજ ખરો ગૃહસ્થ કહેવાય છે. એવા ગૃહસ્થો જે કોમમાં ઉત્પન્ન થાય છે, તે કોમ ઉન્નતિના શિખર ઉપર પહોંચે છે અને તે કોમની પ્રજા જ્ઞાનવાટિકામાં વિહાર કરવાને ભાગ્યશાળી બને છે. અમે શ્રીવીર પ્રભુના શાસન દેવતાને પ્રાર્થના કરીએ છીએ કે–"એવા અનેક ગૃહસ્થો જૈન પ્રજામાં પ્રગટ થાય, એવી પ્રેરણા કરો."

## गुजरांवाला (पंजाब) मां स्वर्गवासी १००८ श्रीमद्विजयानंदसूरि (आत्मारामजी) महाराजनी जयंती समये गुरुबक्षराय क्षत्रीओ गायेली कविता.

धन्य है परमातमा जो यह खुशी दिखला रहे,
धन्य है धर्मातमा जो उपकारमें मन ला रहे. १
आज क्या उत्सव है यहां सब विछडे भाइ मिल रहे,
यह जलसा मानो बाग है सब फूल चेहरे खिल रहे. २
आनंदसे भरपूर हो यह बाल पत्ती गा रहे,
यह फूल है सब पघडियां विद्या सुगंध फैला रहे. ३
इन जर्द चेहरोंपर कहो आनंद कहांसे आ रहा,
आनंद जीसके नाममें व्होही आनंद भीजवा रहा. ४
शाबाश जैनी भाइओ तुम खूब आगे बढ रहे,
उस मुक्ति रुपी धामकी हो मंजले तै कर रहे. ५
धर्मकी विद्याका जगमें खूब कर प्रचार दो,
कल नाम समजो कालका आज धर्मसे कर प्यारलो. ६
श्री माननीय पवित्र जीनका नाम आत्मानंद है,
दुखका कहां परवेश हो जब नाम ही सानंद है. ७
उस पुण्य कीर्त्ति महातमाके नामपर यह धाम है,
जीसके तले कइ प्राणिओंको मिल रहा आराम है. ८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धाम ही केवल नहीं विद्याकी गंगा वह रही,
दुःख पापकी मैलोंको धोलो मुफत मुंहसे कह रही. ९
जीस अहिंसा पर दिया गांधीने तन मन वार है,
उसका यहांपर पहलेही हो रहा खूब प्रचार है. १०
धन्य स्वामीजीको विद्याबाग जो लगवा गये,
कइ लडके विद्या मुफत पढ दुख दूर कर सुख पा गये. ११
अब भी लडके सैंकडो तालीम कौमी पा रहे,
लडके न समजो बुलबुलें हैं स्वामीके गुण गा रहे. १२
वह नहीं मरा जीता सदा उपकार जगमें कर गया,
उपकार करनेके विना जीता ही भी मर गया. १३
दुनियाकी न पायेदारीको यह बात है जतला रही,
वह प्यारी नानकचंदकी सूरत नजर नहीं आ रही. १४
दो साल गुजरे हैं वही बैठे हमारे पास थे,
यह था न था यह तिथि थी यह ज्येष्ठ हीके मास थे. १५
क्या खबर है अगले वर्ष यहां कौन कौन न होयेगा,
जो धर्म न कर जायगा पछतायगा और रोयेगा. १६
हो जीसमें पत्र और पुस्तकें इक लायब्रेरी चाहिये,
आरंभ करदो आजही करनी न देरी चाहिये. १७
जैनके सिद्धांतका प्रचार देखेंगे जबी,
आनंद तो आगेही है आशीर्वाद देंगे तबी. १८
पुस्तकालयभी यहां आनंद भवनके पास हो,
धर्मप्रेमीकी यहांपर तबी दूरे प्यास हो. १९
गलतियांकी क्षमा चाहता हुआ यह गुरुबक्षदास,
विनती यह स्वीकार होगी आपसे करता है आस. २०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પર્યુષણ જેવા પવિત્ર પર્વનો પ્રભાવ નહીં સમજતાં મુગ્ધ ભાઇ બ્હેનોને બે બોલ.

**પર્યુષણ પ્રસંગે** આપણાં પવિત્ર કર્તવ્યનું યથાર્થ ભાન કરાવવા માટે વર્ષો થયાં જૂદી જૂદી દિશાથી વ્યાખ્યાનો અને લેખો દ્વારા પોકાર કરવામાં આવે છે તેને નિષ્ફળ નહીં કરતાં સાર્થક કરવા માટે દીલમાં લાગણી રાખી કલ્યાણના અર્થી સજ્જન ભાઈ બ્હેનોએ હવે જાતે જાગૃત થઈ, સાચા માર્ગનો સત્વર આદર કરવા સ્વજન મિત્રાદિકને જાગૃત કરવા જોઈએ.

૧ નિસ્પૃહી પુરૂષોનાં એકાન્ત હિતવચનો હૈયે ધરી રૂચિસહિત તેનો આદર કરવો એ આપણું હિત-કર્તવ્ય સમજાતુંજ હોય તો સર્વજ્ઞ વીતરાગ ભગવાને ભવ્યજનોના આત્મકલ્યાણ નિમિત્તે જે જે વખતે જરૂરની કરણી તેના પવિત્ર હેતુની સમજ સાથે જણાવી છે, તે યથાર્થ સમજી લેવાનો ખપ કરી તે તે વખતે ઉલટથી આદરવા વિલંબ કરવો કેમ ઘટે ? નજ ઘટે. છતાં ઘણી વખત કઈક મુગ્ધ ભાઈબ્હેનો તે ભણી અનાદર કે મંદ આદર કરતા જણાતા નથી શું ? તેઓનું ભાન ઠેકાણે આવે અને તેઓ પણ સ્વકર્તવ્ય સન્મુખ થવા પામે એવી સદ્ ઇચ્છાથી પ્રેરિત વચનો સફળ થવાં જોઈએ.

૨ કલ્પસૂત્ર જેવાં પરમ પવિત્ર સૂત્ર-સિદ્ધાન્તમાં આપણાથી થતી અને થયેલી નાની મોટી ભૂલો જેમ બને તેમ જલ્દી સુધારી લેવા અને આપણી જાતને શુદ્ધ-નિર્દોષ કરી લેવા સર્વજ્ઞ ભગવાને કેવી સુંદર યોજના કરેલી છે ? જેમ ઉજળા વસ્ત્ર ઉપર પડેલો ડાઘ યત્નથી દૂર કરી શકાય છે તેમ પ્રમાદ વશ આત્માએ ( જાણતાં અજાણતાં ) કરેલી ભૂલ પણ પ્રયત્ન જોગથી જલ્દી સુધારી શકાય છે. વસ્ત્રની મલીનતા જેમ જળ, ક્ષાર અને અગ્નિના પ્રયોગથી સ્હેજે ટાળી શકાય છે તેમ સ્વચ્છંદતાથી અવળા માર્ગે ચાલી, મનસા વચસા કર્મણા ( મન વચન કાયા વતી) થવા પામેલી આત્માની ખરાબી, પશ્ચાતાપ સહિત જ્ઞાની ગુરૂને નમ્રપણે અને સરલ ભાવે નિવેદન કરીને તેમણે કૃપા કરીને ફરમાવેલા યોગ્ય પ્રાયશ્ચિત્ત રૂપ ખરા જળ, ક્ષાર ને અગ્નિના સાચા પ્રયોગથી સ્હેજે દૂર કરી શકાય છે એટલે આત્મા શુદ્ધ નિર્મળ થઈ શકે છે.

૩ અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય, ચપળતાભર્યા મન વચન કાયાના યોગ અને અવિરતિ ( મોકળી સ્વેચ્છા વૃત્તિ ) વડે સમયે સમયે જીવ કેટલો બધો કર્મ-બંધ કરે છે ? અનાદિ અનંત કાળથી મુગ્ધ જીવો અવળી સમજથી, વિપરીત શ્રદ્ધાથી, ક્રોધ, માન, માયા અને લોભ અથવા રાગદ્વેષ રૂપ કષાયની પરવશતાથી, ઉચ્છૃંખલતાભર્યા વિચાર, ઉચ્ચાર અને આચારના સેવનથી તથા કલ્યાણકારી વ્રત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમોનું પાલન કરવા તરફ તદ્દન બેપરવાઇ દાખવવાથી દુષ્ટ કર્મ–મળનો કેટલો બધો સંચય કરતા રહી દુઃખી થાય છે.

૪ જન્મમરણનાં અનંતા દુઃખનાં કારણ રૂપે ઉક્ત કર્મ–મળથી મુક્ત થવા ઈચ્છાજ હોય તો પવિત્ર રત્નત્રયીના ધારક ભવભીરૂ ગીતાર્થ ગુરૂનું શરણ લઈ એકનિષ્ઠ થઈ, અંતરનો સકળ કર્મ–મળ સાફ કરવા, સઘળાં પાપકૃત્યો પૂરા પશ્ચાત્તાપ સાથે તેમને જણાવી તેઓ જે યોગ્ય પ્રાયશ્ચિત્ત બતાવે તે આદરેજ છૂટકો. કરોડો મણનો દારૂનો ગંજ અગ્નિનો સંયોગ થતાંજ ઉડી જાય છે તેમ સદ્ગુરૂની હિત શિક્ષાને પૂર્ણ શ્રદ્ધાથી અનુસરનારા વિરલ સદ્ભાગી જનો પણ સકળ કર્મમળનો ક્ષય કરી શુદ્ધ નિર્મળ થઈ શકે છે.

૫ દશ દૃષ્ટાન્તે દુર્લભ મનુષ્યજન્માદિક સઘળી પુન્ય સામગ્રી પામીને વીર પ્રભુ જેવાનાં પવિત્ર ચરિત્ર સાંભળી, હૈડે સાન આવી હોય તો હવે સાવધાન થઈ ખંતથી પૂર્વકર્મમળનો અંત લાવવો અને નવો કર્મમળ થતો અટકાવવો. નરી વાતોથી કશું નહીં વળે. મર્દાઈનુંજ ખરૂં કામ છે. **ઈતિશમ્.**

**લે૦ મુ. મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

# ' પર્વાધિરાજ પર્યુષણ પ્રસંગે શાસનપ્રેમી સજ્જનો પ્રત્યે સાદર નિવેદન '

( લેખક૦ સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ આખા વર્ષ દરમ્યાન અનેક પ્રસંગે માસિકો વિ૦ દ્વારા લખાયેલા વિવિધ લેખોમાં મારી જેવા અલ્પજ્ઞ–છદ્મસ્થને સુલભ એવી જે જે સ્ખલનાઓ થઈ હોય તે તે પુત્રાપરાધવત્ દરગુજર કરી, રાજહંસની પેઠે સારગ્રાહી બની, ઉક્ત લેખાદિકમાં જે કંઈ સાર–તત્ત્વ જણાય તેજ સહુ આદરશો.

૨ આજકાલ આપણા જિનમંદિરાદિકમાં બહોળે ભાગે વપરાતા કેશરમાં જે કંઇ અસાર અને અસ્પર્શ્ય મલીન પદાર્થોનું મિશ્રણ થતું ઇંગ્રેજી તથા ગુજરાતી વિશ્વાસ લાયક લેખો વાંચવાથી મને સમજાયું તેજ અંતરની લાગણીથી પ્રેરાઈ આપ સજ્જનો સમીપે જાહેર કર્યું. આવા મલીન તત્ત્વના મિશ્રણવાળા કેશરની પ્રભુ ભક્તિ પ્રસંગે વપરાશ ચાલુ રાખવાથી ભક્તિ વિષે આપણે આશાતના જ કરી, લાભને બદલે તોટો ન બાંધીએ એ શુદ્ધ આશયને લક્ષી, ઉક્ત લેખો ઉપર મધ્યસ્થપણે વિચાર કરી, હિતમાર્ગ આદરવા અને અહિતમાર્ગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિહરવા મારી પ્રેરણા હતી અને છે. શુદ્ધ લેખાતા કેશરમાં પણ સ્વાર્થ અંધ વ્યાપારીઓ દ્વારા ભારે ગોટાળો ચાલ્યા કરે છે. તેવી છાપના ખાલી ડબ્બા ભારે આકરી કિંમતે ખરીદી, નબળું–નમાલું–અશુદ્ધ કેશર તેમાં ભરી, એવા રકમ બંધ ડબ્બાઓ મુગ્ધ જૈનોમાં ખપાવી, ધોળે દહાડે છળ પ્રપંચથી તેમને લૂંટવામાં આવે છે. એ દેખીને કે સાંભળીને કોનું કાળજું બળતું નહીં હોય ? બમણાં ત્રમણાં કે ચાર ગણાં નાણાં ખર્ચવા છતાં કેશર બહુધા અશુદ્ધ જ મળે તે પ્રભુના અંગે ચઢાવવા જેટલો આગ્રહ મુગ્ધ જનો કરે છે તેટલો જ આગ્રહભર્યો પરિશ્રમ, શુદ્ધ કેશર મેળવી વાપરવા આપવા કઇક પ્રસંગે કરેલી હિતસૂચના મુજબ, કોઈપણ વિશ્વાસ લાયક સહૃદય સજ્જનો તરફથી થયો હોત તો નકામો કોલાહલ અને કર્મબંધ કેમ થવા પામત ?

૩ એવા શુદ્ધ ખાત્રીવાળા કેશર પ્રત્યે અમારે અભાવ ન હતો અને અદ્યાપિ નથી. પણ શુદ્ધતા માટે દરકારજ કોઈક વિરલાને હશે. અર્થ વગરનો નકામો કોલાહલ મચાવવાથી, કેશરની વપરાશ ઓછી થયા છતાં તેના ભાવ બમણા ઉપરાંત થવા પામ્યા તેમાં દોષ કોનો ?

૪ આગમોમાં અનેક સ્થળે પ્રભુપૂજાદિક પ્રસંગે સરસ ચંદનનું જ વિલેપન કર્યાનું સ્પષ્ટતયા જણાવ્યું છે. કેશરનો તેમાં કયાંય ઉલ્લેખ કરેલો જોયો–જાણ્યો હોય તો તે પૂર્વે કરેલી વિનંતિ બહુશ્રુતોએ જાહેર કરવી જોઈએ.

૫ આવી અનેક શાસનહિતકારી બાબતોમાં નકામો હઠ–કદાગ્રહ ખેંચ્યા વગર સીધી ને સરલ રીતે આગમાનુસારે ભવભીરૂ ગીતાર્થોએ ઘટતો ખુલાસો કરવો જોઈએ. સામાને પ્રતિપક્ષો પૂછી મૂળ મુદ્દાને ગુંગળાવી નાંખવા, આજ કાલ કોઈ કોઇ તરફથી નિર્બળ અને વિપરીત પ્રયત્ન કરાય છે તે તો ઉચિત નથીજ.

૬ એક તરફ સમયોચિત ઉપદેશ અને શુદ્ધ સરલ વર્તનની ગંભીર ખામીથી સ્વસમાજની સ્થિતિ દયાજનક થતી જાય છે, તેમાં કઈક ઉગતા પંડિતમન્ય લેખકો અને ઉપદેશકો અસંગત આક્ષેપક અને વિરોધી વચનો મર્યાદા વગર વાપરી વધારો કરતા રહે છે. શાસનની વધારે હેલના થાય એવો ધૃષ્ટતાભર્યો દેખાવ કરતાં તો જરૂર વિરમવું જોઈએ.

૭ મારા સઘળા અપરાધો દરગુજર કરી શાસનની રક્ષાને પુષ્ટિ વાસ્તવિક રીતે થાય એવું શુદ્ધ અને સરલ વર્તન આદરી શાસન શોભા વધારવા ફરી પ્રાર્થના પ્રેમી સજ્જનો પ્રત્યે કરૂં છું.

૮ આપણી સમાજનો મોટો ભાગ સમયોચિત ખરી કેળવણીથી બેનશીબ રહી, અજ્ઞાન દશામાં સબડે છે તે કારી દુઃખ દૂર કરવા સદ્ભાગી સજ્જનોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મથવું જોઈએ. ઉછરતી પ્રજાને વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક સંગીન કેળવણી મળે એવી યોગ્ય વ્યવસ્થા કરવા તનતોડ પ્રયત્ન કરવો જોઈએ.

૯ નકામા ઉડાઉ ખર્ચો કમી કરી, બચાવેલા નાણાંથી સદ્‌વિચાર ગર્ભિત ભાવનાથી, મિષ્ટ વચન ભરી હિત શિક્ષાથી અને આત્મનિગ્રહ કરીને સંતોષ વૃત્તિ ધારી, સ્વજીવન નિર્વાહ સાદાઈથી આદરી, અનુકરણશીલ અન્ય ભાઇ બ્હેનોને સુંદર દાખલો બેસાડી, ખરે માર્ગે દોરવાની જરૂર જેમને અંતરમાં જણાઈ હોય તે સદ્‌ભાગી ભાઈ બ્હેનોએ બને એટલો સ્વાર્થત્યાગ કરી સમાજની અને શાસનની નિઃસ્વાર્થ સેવા કરવા તત્પર થવું જોઈએ.

૧૦ 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય' એ લક્ષમાં રાખી એક દમડી પણ ખોટે માર્ગે ખર્ચવી નહીં, બીજાને તેવી નબળી સલાહ આપવી નહીં, તેમજ નબળાં કામની પ્રશંસા કરી પાપભાગી બની, પ્રજાને અને આપણી જાતને પાયમાલ કરી, આ દુર્લભ માનવભવ હારી નહીં જતાં, તેની સાર્થકતા કરી લેવા અવશ્ય ઉજમાળ થવું જોઈએ.

ઇતિશમ્.

# "આપણા પોતાને માટે"

વ્યકિત અને કુટુંબ સમાજનું અંગ છે. સમાજ એ ધર્મને ટકાવનાર છે. આદર્શમય ધર્મ જગતને હિતકર છે. ધર્મનું સત્વ પ્રેમ છે. પ્રેમની નિશાની અહિંસા છે. મનુષ્ય જીવનને ઉચ્ચ માર્ગે ચઢાવનાર પ્રેમ છે. પ્રેમમાંજ પરમાર્થ છે. પ્રેમમાંજ દયા ઉદ્‌ભવે છે. જૈન ધર્મ દયા–અહીંસા પ્રેમનો શુદ્ધ ઝરો છે. એ ઝરો દરેક મનુષ્યના હૃદયમાં હંમેશાં સતત વહ્યા કરે છે. તે મનુષ્યજ ખરો શુદ્ધ જૈન છે. જૈન ધર્મ સર્વમાન્ય સનાતન ધર્મ છે. છતાં પણ આશ્ચર્ય છે કે એક વખત ઉન્નતિના શીખર ઉપર ચઢેલા જૈનો અત્યારે અધોગતિ તરફ ગબડયા જાય છે. તેના કારણોની તપાસ કરવાની જરૂર જણાય છે. આપ તે વાંચશો વીચારશો. યોગ્ય લાગે કાર્યમાં મુકશો, તેમાં ફેરફાર સૂચવશો.

જૈન કોમમાંના નાના જથ્થાઓ જેવા કે વીસા–દશા–ઓસવાળ–શ્રીમાળી–પોરવાડ અને બીજા જે હોય તે એકજ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તરીકે વિશાળ જથ્થામાં જોડાવું.

જૈન કોમમાં એકપણ સ્ત્રી યા પુરૂષ અભણ રહેવો ન જોઈએ.

બાળકો માટે મુખ્ય શહેરોમાં ગુરૂકુળો રાખવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમની વીધવાઓ માટે તેમના પવિત્ર જીવનની ખાસ કાળજી રાખવી. તેમને માટે ઉદ્યોગગૃહ સ્થાપવાં. ( હોમ ઈન્ડસ્ટ્રીઝ )

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનો સાથે કાંઈપણ ભેદ સિવાય લગ્ન વ્યવહાર રાખવો.

કન્યાઓની લગ્નની ઉમર બાર વરસ અંદરની હોવી ન જોઈએ. તેઓને લગ્ન પછીની જીંદગીનું શીક્ષણ, શિયળની મહત્વતા, પતિ તરફની ફરજ અને ગૃહકાર્ય યોગ્ય કેળવણી આપવી. અને તેને માટે દરેક કુટુંબમાં એવા પુસ્તકો તૈયાર કરાવી મફત આપવા. શુદ્ધ શિક્ષણ મળ્યા પછીજ કન્યાના લગ્ન કરવાં કર્મ સંજોગે વૈધવ્ય પ્રાપ્ત થાય તો વૈધવ્યધર્મ અને પવિત્રતાના નિયમો સંબંધી જ્ઞાન પુસ્તકોમાંથી આપવું.

પુરૂષોએ પણ વીસ વરસ અંદર અને ચાળીસ વરસ પછી લગ્ન ન કરવું.

કન્યા વિક્રયનો તદ્દનજ નાશ થવો જોઈએ.

જૈન ધર્મમાં શિયળની ખાસ મહત્વતા છે. શિયળથી દંપતીપ્રેમ સચવાય છે અને જીંદગી સુખી નીવડે છે. તો દરેક સ્ત્રી પુરૂષે શિયળની રક્ષા કરવીજ જોઈએ. શીળ એજ ઉત્તમ આભૂષણ છે.

પુનર્લગ્ન એ સ્ત્રીઓ માટે તો તદ્દનજ ખરાબ છે. સ્ત્રીઓની મહત્વતા શિયળથીજ છે. શિયળના પ્રભાવેજ સ્ત્રીઓની સ્તવના થાય છે. તેને માટે વધુ લખવાની જરૂરજ નથી. પુનર્લગ્નના પાપથી અટકાવવા અને સ્ત્રીઓના શિયળના રક્ષણ માટે પુરૂષોજ જવાબદાર છે. માટે પ્રથમ પુરૂષોએજ આત્મભોગ આપી કામવાસના ત્યાગી બાળ અને વૃદ્ધ લગ્ન ત્યાગવાં જોઈએ. દુર્ભાગ્યવશાત્ પતિ સમાગમ સિવાય વૈધવ્ય પ્રાપ્ત થયું હોય તો તેમને સમજાવવી. ખરી રીતે વૈધવ્ય પાળવું એ પતિ પ્રેમની કસોટી છે.

ગૃહસ્થ હો યા સાધારણ સ્થિતિમાં હો. દરેકને ગૃહસુખ પ્રિય હોયજ. ઘરમાં શાન્તિ હોય તોજ આગળ કાર્ય કરી શકાય, ધર્મ સાધી શકાય, મનુષ્ય જીવનનું કર્તવ્ય સાર્થક થાય, તો આ સઘળા વીચાર કરી સમાજના હિતને માટે રૂચિકર થાય એમ ઈચ્છી દરેક જૈન કર્તવ્યવાન થશે. બનતા પ્રયાસે સમાજ સુધારો ઉપરના નિયમોથી થશે. જૈનોની જાહોજલાલી વધશે અને જૈન કીર્તિ દશે દિશામાં ગાજી ઉઠશે. **ॐ शांति.**

" કલ્યાણ. "

વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધ્યાનમાં રાખવા જોગ વાક્યો.

૧ કોઇ પણ માણસ પોતાની જીભ વશ રાખી ન શકે તો તેને મૂર્ખ સમજજો; કારણ કે મૂર્ખ માણસ બોલવામાં બંધ રહી શકતો નથી.

૨ સખી થજે પણ ઉડાઉ કદી થતો નહિ, સખી થવાથી તું દેશનો દાનો ગણાશે, પણ ઉડાઉ થવાથી તું દેશનો દુશ્મન ગણાશે.

૩ તમારા મિત્રોમાં ખુશામતીઆ અથવા તાડપર ચડાવનારને તમો ઘણાંજ ભયંકર અને ઘણા જોખમ ભરેલા સમજજો; તેમજ જે ધણી તમારી પાસે આવી બીજાની નિંદા કરતો હોય તેને ફાડી ખાનાર જનાવર જેવો જાણજો.

૪ ખુશ મીજાજ એ તંદુરસ્તી છે, અને તેથી ઉલટું કુંજરેલપણું એ એક દરદ છે.

૫ સંગત કોની કરવી ? જે કોઇ માણસને પોતાના વિષે સારો વિચાર બેસાડવાની ખુશી હોય તો તેણે જેઓને માટે પોતાનો સારો વિચાર બેઠેલો હોય તેનીજ સાથે સંગત કરવી.

૬ પશ્ચાતાપ એ શું છે ? ધીક્કારેલી નેકીનો પડઘો છે.

૭ અસત્ય એ શું છે ? પાપના હથીઆર ઘણા છે પણ અસત્ય પાપનો એવો એક હાથો છે કે તે પાપના દરેક હથીઆરને બંધ બેસતો આવે છે.

૮ વેર એ જંગલીપણે મેળવેલો ઈન્સાફ છે. કોઈને નુકસાન કરવું અને પછી માફી માગવી તેના કરતાં નુકશાન કરવાથી દુર રહેવું તે વધારે સારૂં છે.

૯ આળસ એ એક જાતની ટંકશાળ છે; એ ટંકશાળમાં જુદી જુદી જાતના ખરાબીના સિક્કા પડે છે તથા તે સિક્કા ઘણા હલકા અને કમજાત લોકોમાં ફેલાય છે.

૧૦ નઠારા માણસપર રહેમ કરવી તે સારા ઉપર જૂલમ કરવા બરોબર છે; કારણ કે તેવા નઠારા માણસની પાસે બેસો અને મહેરબાની બતાવો તો તે તમારી કુમક પરથી હીમ્મત પકડી વધારે નઠારા કામ કરશે અને તેની સાથે સામેલ રહેવાનું પાપ તમોને લાગશે.

૧૧ વાતચીત કરવામાં ઘણાજ મીઠા શબ્દો વાપરવા જોઈએ; કારણ કે ખરાબ શબ્દોની તલવારના ઘા કરતાં પણ વધારે ઝેરી અસર થાય છે.

૧૨ આંખ આગળ છે અને કાન પાછળ છે. માટે પ્રથમ આંખે જોયેલી વાત માનવી અને પછી સાંભળેલી.

૧૩ ગયેલી તંદુરસ્તી મિતાહારીથી પાછી આવે, ભુલાઇ ગયેલી વિદ્યા અભ્યાસથી પાછી ઉપસ્થિત થાય, મિત્રનો વિરોધ કાળે કરી ઘસાઈ પાછો સંપ થાય, ગએલી આબરૂ પણ પશ્ચાતાપ અને સદ્ગુણથી પાછી મેળવી શકાય, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયેલો કલાક કોણે ફરીથી જોયો છે? બેદરકારીથી ગાળેલા વર્ષો કોના પાછા આવ્યા છે? તે વરસો પાછા આણી કોણે તે કાળનો ડહાપણથી ઉપયોગ કર્યો છે? અને ધર્મ રાજાના દફતરમાંથી વ્યર્થ ગુમાવેલા કાળની નોંધ કોણે ભૂંસી નાંખી છે?

૧૪ કાંતો મુંગા રહો અથવા મુંગા રહેવા કરતાં વધારે સારૂં બોલો.

૧૫ ક્રોધી માણસ પોતાનું મોઢું ખુલ્લું કરે છે, પણ આંખો મીંચે છે.

૧૬ એક વેપારીને લાખ રૂપીઆનું નુકશાન ગયું, ત્યારે તેણે પોતાના છોકરાને પાસે બોલાવી કહ્યું કે "આ આપણી વાત કોઈને કહીશ નહિ." છોકરે ઉત્તર આપ્યો કે "ઠીક નહિ કહું," પણ એમ તમો કહો છો તેનું કારણ શું છે? તે ઉપરથી તેના પીતાએ પ્રત્યુત્તર આપ્યો કે "ભાઈ, એટલા માટે કે આપણને બે તરફનું દુઃખ નહિ પડે—એક તો પઇસો ખુટે તેનું અને બીજું દુશ્મનની હાંસીનું."

૧૭ જો એક માણસ પોતાનીજ વાત પોતે ગુપ્ત ન રાખી શકે તો તેની વાત બીજા મારફતે બહાર પડે તે માટે તેણે ફરીઆદ કરવી જોઈએ નહિ.

૧૮ દુનીઆ કેવી જોઈએ તે જાણવા માટે પુસ્તકો વાંચો; પણ દુનીઆ કેવી છે તે જાણવા માટે માણસ જાતનો અભ્યાસ કરો.

૧૯ ઉદાર અને કૃપણમાં ફેર શો? ઉદાર માણસ પ્રથમ ધન આપી પછી પ્રાણ આપે છે અને કૃપણ માણસ પહેલા પ્રાણ આપી પછી ધન આપે છે.

૨૦ બોલતી વખતે શું યાદ રાખવું? બીજાઓને સાફ સંભળાય તેમ બોલવું અને જેની સાથે બોલો તેના મોઢા સામે જોઈને બોલજો અને એક વાત બોલી રહ્યા પછી સામા માણસને જવાબ દેવાની તક આપજો. જૈન.

# વર્તમાન સમાચાર.

શા. ભીખાભાઈ શીવલાલ છાણી નિવાસી અમોને લખી જણાવે છે કે—અત્રેના શ્રાવક વર્ગના મહાન્ પુણ્યોદયથી આ વર્ષનું ચોમાસુ મહાન્ પ્રભાવિક-ધર્મધુરંધર શ્રીમદ્ વિજયકમલસૂરિજી મહારાજે સ્વીકારી અત્રે પધાર્યા છે. તેઓના શિષ્ય વ્યાખ્યાન વાચસ્પતિ મહારાજશ્રી લબ્ધિવિજયજીના વૈરાગ્યમય વ્યાખ્યાન શ્રવણ કરવાથી અહીના વતની પારેખ ખીમચંદભાઈ હરગોવનદાસના સુપુત્ર છબીલાલે પોતાના પિતા આદિ કુટુંબ વર્ગની આજ્ઞા લઇ ઉમેટા ગામે વાચસ્પતિજી મહારાજ પાસે વૈશાખ શુદી ૬ ને દીને દીક્ષા ધારણ કરી હતી અને તેઓનું નામ ભુવનવિજયજી રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉમેટાના સંઘે ઘણાજ ઉત્સાહથી ભાગ લીધો હતો ત્યારપછી મહારાજશ્રી છાણી પધાર્યા અને મુનીશ્રી ભુવનવિજયજીને આચાર્ય મહારાજ પાસે યોગોદ્વહન કરાવી જેઠ વદી ૧૦ ને દીવસે વડી દીક્ષા અપાવી હતી. તેઓશ્રી આ ગામના વતની હોવાથી ધર્મ સંસ્કારને લીધે તેમના પિતાએ તેઓની વડી દીક્ષામાં ઘણાજ હર્ષ સાથે ભાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીધો હતો. આ પ્રસગ ઉપર ઉમેટા, વડોદરા, જંબુસર, ભરૂચ આદિથી લોકો આવ્યા હતા આવી રીતે રાજીખુશીથી પોતાનાજ ગામમાં પોતાની વડી દીક્ષાનુ થવું તે પહેલોજ પ્રસંગ હતો. આ પ્રસંગે ચારિત્રના વિષય ઉપર દીક્ષિતે એક છટાદાર અસરકારક ભાષણ આપ્યું હતું, સાચા પિતા તેજ કહેવાય કે પોતાના પુત્રને વ્યામોહમાં ન ફસાવતાં ઉચ્ચ ચારિત્ર માર્ગમાં દાખલ કરાવી તેમના તથા બીજાના આત્માનું કલ્યાણ કરનાર થાય.

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ બાળપોથી
૨ પહેલી ચોપડી
૩ બીજી ચોપડી
૪ ત્રીજી ચોપડી
} શ્રી જૈન શિક્ષણમાળા, શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા.

૫ શ્રી ધન્યકુમાર ચરિત્ર—કાપડીયા નેમચંદ ગિરધરલાલ, ભાવનગર.

૬ વિવિધ પૂજા સંગ્રહ—શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી, અમદાવાદ.

જલદી મંગાવો. ઘણીજ થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે, પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રથમ ચલાવવામાં આવે છે, તે ૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ તે આ ત્રણે ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( જુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઈનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ–પાકી કપડાની બાઈડીંગ રૂા. ૦–૮–૦ આઠ આના.
કાચું બાઇડીંગ માત્ર રૂા. ૦–૬–૦ છ આના.

૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઈડીંગની માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના.

૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઇડીંગના માત્ર રૂા.૦–૫–૦ પાંચઆના (પો. જુદું.)
ઘણીજ થોડી નકલો સીલીકે છે જેથી અમારે ત્યાંથી જલદીથી મંગાવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કૃતિનો -હ્રાસ.

"માનવ જાતિના ઇતિહાસમાં દરેક સંસ્કૃતિ અમુક હદ સુધી જ પહોંચી છે અને એ હદ આવતાં બીજી જ કોઇ નવીન અને વધુ ઉંચી સંસ્કૃતિને જગા કરી આપવા એને પછાત પડી જવું પડયું છે. બધી જ સંસ્કૃતિઓ આવા રાત્રિકાળમાં જ જન્મી છે. બૅબિલોનિયાની (યા જુલ્મી) સંસ્કૃતિ રોમન (યા વીર) સંસ્કૃતિને સ્થાન આપે અને રોમન સંસ્કૃતિ આધુનિક (યાને બુદ્ધિ અથવા પ્રજ્ઞા પ્રધાન) સંસ્કૃતિને માટે જગા કરે એને સારૂ દરેક વારાફરતી આવા રાત્રિકાળમાં અગોચર થઇ જવાની જરૂર હતી. પુરાણી ઇમારતનો આમ સંપૂર્ણ નાશ ન થાત તો માત્ર જૂના ઉપર થીગડાં જ દેવાયાં હોત અને નવીન ઇમારતનું સંગીત ચણુતર ન થાત. ઇશુ ખ્રિસ્તે કહ્યું છે તેમ 'નવાં કાઠાંપર જૂના જામા' ન જ ચડાવી શકાય. ભવિષ્યની ઇમારતને સારૂ જગા કરવા માટે ભૂતકાળનાં ખંડેરો ને સાફ કરી જ નાંખવાં જોઇએ. × × × × સર્વ વસ્તુઓમાં પોતાનાં મૂળ સ્થાને પહોંચવાનું જે વલણ રહેલું છે તેને બધી સંસ્કૃતિઓએ ઉત્તેજન આપવું ઘટે છે. અને તેથી જ ભવિષ્યની આધ્યાત્મિક સંસ્કૃતિને તેને અનુકૂળ વાતાવરણમાં વધવાની તક મળે એટલા માટે મહાત્મા ગાંધીએ બતાવેલા સત્ય માર્ગને આજની જાગેલી દુનિયા તરફથી આવકાર મળવો જોઇએ. જીવનની સાદાઇ અને જીવનને જરૂરી યંત્રને સાદાં બનાવવા પર એઓ જે ભાર મૂકે છે તેજ ભાવિ યુગની એક માત્ર સર્વોપરિ સરત ગણાવી જોઇએ. ભાવિ સંસ્કૃતિમાંનું જીવન સ્વાભાવિક અને સુરીલું હશે અને આજનું કૃત્રિમ, વિલાસી અને પાખંડી જીવન નિર્મૂળ થઇ જશે. સાદાઈ વગર જીવનમાં આધ્યાત્મિક પૂર્ણતા જવલ્લેજ સંભવે. તેથી સાદાં જીવનને જો આપણે આદર્શરૂપે સ્વીકારીયે તો જ ભવિષ્યકાળમાં ભૂતકાળની સર્વ સંસ્કૃતિઓ કરતાં ઘણે દરજ્જે ચઢિયાતી એવી સંસ્કૃતિનો યુગ ઉદય પામે. પાશ્ચાત્ય યાને હાલના સુધારાની નિષ્ફલતાથી આપણે નાશીપાસ ન થઇએ; કારણ ઇતિહાસની તવારીખ કાળે કાળે એવા બળવાન સુધારાઓની આવી જ પડતીઓથી ભરપૂર છે. બૅબિલોનિયાનો સુધારો ઉન્નતિને શિખરે પહોંચેલો, પણ અંતે તેને ત્યાંથી આપણે જેને સર્વ સુધારાઓનું શૂન્ય કહીએ ત્યાં ઉતરી પડવું પડયું. એ શૂન્યમાંથી રોમના સુધારાની યાત્રા શરૂ થઇ. પણ જેમ શૂન્ય સુધારા કરતાં બૅબિલોનિયાનો સુધારો ચઢિયાતો હતો તેમ જ્યારે રોમના સુધારાનો મધ્યાહ્નકાળ થયો ત્યારે તે સુધારો મધ્યાહ્નકાળના બૅબિલોનિયન સુધારા કરતાં ચઢિયાતો હતો. તેજ પ્રમાણે હાલના સુધારાનું પણ છે. અને એજ ન્યાયે જ્યાંસુધી આ સુધારો પાછો શૂન્યમાં જઇ મળશે નહિ ત્યાંસુધી આધ્યાત્મિક આદર્શોપર ઘડાયેલા સુધારાના સર્વદેશી અને સંપૂર્ણ વિકાસ માટે આશા નથી."

ઋષિવર્ય દ્વિજેન્દ્રનાથ ઠાકુર.

For Private And Personal Use Only